CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ મહા સુદ -૮    સોમવાર, તા.૨૬-૦૧-૨૦૨૬    અંક : ૧૪૪ વર્ષ : ૨૩    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ૭૭મો પ્રજાસત્તાક દિન આન-બાન-શાન સાથે ઉજવાશે

## દેશના ૯૮૨ સુરક્ષાકર્મીઓને શૌર્ય અને સેવા મેડલ એનાયત, જમ્મુ-કાશ્મીર પોલીસને સૌથી વધુ સન્માન

નવીદિલ્હી,
ભારત સરકાર દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ અને સુધારાત્મક સેવાઓના કુલ ૯૮૨ કર્મચારીઓને શૌર્ય અને વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૧૨૫ શૌર્ય મેડલનો સમાવેશ થાય છે, જેમાંથી સૌથી વધુ ૪૫ મેડલ જમ્મુ-કાશ્મીર ક્ષેત્રમાં બહાદુરી દાખવનારા જવાનોને ફાળે ગયા છે.

૧૨૫ શૌર્ય પુરસ્કારોમાંથી મોટાભાગના, ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોના ૩૫ કર્મચારીઓ, જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રના ૪૫ કર્મચારીઓ, ઉત્તર-પૂર્વના ૫ કર્મચારીઓ અને અન્ય પ્રદેશોના ૪૦ કર્મચારીઓને તેમની બહાદુરીપૂર્ણ કાર્યવાહી માટે એનાયત કરવામાં આવી રહ્યા છે. શૌર્ય માટે ચંદ્રક (જી): શૌર્ય માટે ૧૨૫ ચંદ્રકોમાંથી, ૧૨૧ પોલીસ કર્મચારીઓ અને ૪ ફાયર સર્વિસ કર્મચારીઓને જી એનાયત કરવામાં આવ્યા છે. પ્રતિષ્ઠિત સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (જીસ) સેવામાં વિશેષ વિશિષ્ટ રેકોર્ડ માટે



આપવામાં આવે છે અને મેરીટોરીયસ સર્વિસ માટે ચંદ્રક (સ્જીસ) સંસાધન અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા વર્ગીકૃત મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે. જ્યારે ગુજરાતમાથી વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (જીસ)મા અધિક મહાનિર્દેશક નિપુણા મિલિંદ તોરાવણે અને પોલીસ અધિક્ષક શૈલેષસિંહ શ્યામબલીસિંહ રઘુવંશીને એનાયત કરાયા છે.

પ્રતિષ્ઠિત સેવા માટે ૧૦૧ રાષ્ટ્રપતિ ચંદ્રક (જીસ)માંથી, ૮૯ પોલીસ સેવાને, ૫ ફાયર સર્વિસને, ૩ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સર્વિસને અને ૪ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. મેરીટોરીયસ સર્વિસ (સ્જીસ) માટે ૭૫૬ ચંદ્રકોમાંથી, ૬૬૪ પોલીસ સેવાને, ૩૪ ફાયર સર્વિસને, ૩૩ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સર્વિસને અને ૨૫ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યાં છે.

## ધર્મેન્દ્રને મરણોપરાંત પદ્મ વિભૂષણનું સન્માન

### ૫ હસ્તીને પદ્મ વિભૂષણ તો ૧૩ને પદ્મ ભૂષણથી કરશે સન્માન



નવીદિલ્હી,
ભારતના ૭૭માં પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬ના પ્રતિષ્ઠિત 'પદ્મ પુરસ્કારો'ની જાહેરાત કરાઈ છે. શિક્ષણ, ચિકિત્સા, કલા અને સમાજસેવા જેવા ક્ષેત્રોમાં અપ્રતિમ યોગદાન આપનારા મહાનુભાવોને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. આ યાદીમાં ૩ ગુજરાતીઓના પણ નામ છે. ૫ હસ્તીને પદ્મ વિભૂષણ તો ૧૩ને પદ્મ ભૂષણ, અભિનેતા ધર્મેન્દ્રને મરણોપરાંત પદ્મ વિભૂષણનું સન્માન,આપવામાં આવશે.

મીર હાજીભાઈ કાસમભાઈને કળા ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મશ્રીથી સન્માનિત કરાશે. તેમને લોકો 'હાજી રમકડું'ના નામથી પણ બોલાવે છે. ભજન, સંતવાણી, ગઝલ અને કવ્વાલીમાં તેઓ પોતાની આગવી છટાથી ઢોલક વગાડવા માટે જાણીતા છે. તેમણે ગાયો માટે ૩ હજારથી વધુ પ્રોગ્રામમાં ઢોલક વગાડ્યું છે. તેમણે ૧ હજારથી વધુ સ્ટેજ પ્રોગ્રામ પણ કર્યા છે. તેઓ કોમી એકતા અને ભાઈચારાના પ્રતિક માનવામાં આવે છે.

સુરતના નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલાને સામાજિક કાર્ય માટે પદ્મ શ્રી એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે. તેઓ ગુજરાતમાં અંગદાનની પ્રવૃત્તિના પ્રણેતા તરીકે ઓળખાય છે અને ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક છે. વર્ષ ૧૯૯૭માં નિલેશભાઈના પિતાની કિડની નિષ્ફળ થઈ હતી. વર્ષ ૨૦૦૪થી તેમને નિયમિત ડાયાલિસિસ કરાવવું પડતું હતું.

ધાર્મિકલાલ ચુનીલાલ પંડયાને પણ પદ્મ શ્રી એવોર્ડનું સન્માન મળશે. જન્મ, ૧૧ ઑગસ્ટ ૧૯૩૨, વડોદરા, તેમણે ત્રણ હજારથી વધુ આખ્યાનના કાર્યક્રમો પ્રસ્તુત કર્યા છે. તેમણે દેશ અને વિદેશમાં આખ્યાન અને માણભટ્ટની કળાનો પ્રચાર અને પ્રસાર કર્યો છે. આરંભકાળે વડોદરાની પોળોમાં આખ્યાનકથાઓ કરી. વડોદરાના રેડિયોસ્ટેશન મારફતે ગુજરાતમાં પ્રસિદ્ધ થયા.

## નર્મદા જયંતિએ ૧૫૦૦ ફૂટ લાંબી ચૂંદડી અર્પણ કરાઈ

આજે રવિવારે નર્મદા જયંતિના પાવન પર્વે નર્મદા કિનારે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ભરૂચ જિલ્લાના માંગરોળ ખાતે ગ્રામજનો દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૧૫૦૦ ફૂટ લાંબી સાડી (ચુંદડી) માતા નર્મદાને અર્પણ કરી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવામાં આવી હતી.માંગરોળ ખાતે નર્મદા નદી 'ઉત્તરવાહિની' સ્વરૂપે વહે છે, જેનું ધાર્મિક દ્રષ્ટિએ અનન્ય મહત્ત્વ છે. ચૈત્ર માસમાં અહીં હજારો શ્રદ્ધાળુઓ પરિક્રમા માટે ઉમટી પડે છે. આજે નર્મદા જયંતિ નિમિત્તે સુરતથી ખાસ મંગાવવામાં આવેલી ૧૫૦૦ ફૂટ લાંબી સાડી માંગરોળના કિનારેથી સામે પાર રીગણી ગામના કિનારા સુધી અર્પણ કરવામાં આવી હતી.આ ભવ્ય આયોજનમાં ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. નદીની મધ્યધારામાં ૧૫ જેટલી નાવડીઓની મદદથી સાડીને એક છેડેથી બીજા છેડા સુધી ફેલાવી માતાજીને ઓઢાડવામાં આવી હતી.






## ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાને ધમકી આપી: "જો તે ચીન સાથે કોઈ સોદો કરશે તો હું ૧૦૦% ટેરિફ લાદીશ

વોશિંગ્ટન,
અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ખુલ્લેઆમ કેનેડાને ધમકી આપી છે કે જો તે ચીન સાથે કોઈપણ પ્રકારના વેપાર કરારમાં પ્રવેશ કરશે તો તે ૧૦૦% ટેરિફ લાદી દેશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની આકરી ટીકા કરતા કહ્યું કે જો તેઓ વિચારતા હોય કે તેઓ કેનેડાને ચીન માટે "ડ્રોપ-ઓફ પોર્ટ" બનાવી શકે છે, જ્યાંથી ચીન માલ અને ઉત્પાદનો યુનાઈટેડ સ્ટેટ્સમાં મોકલશે તો તેઓ ગંભીર ભૂલ કરી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું, "જો કેનેડા ચીન સાથે સોદો કરે છે, તો યુનાઈટેડ સ્ટેટ્સમાં આવતા તમામ કેનેડિયન માલ અને ઉત્પાદનો પર તાત્કાલિક ૧૦૦% ટેરિફ લાદવામાં આવશે."

ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડમાં અમેરિકાના પ્રસ્તાવિત ગોલ્ડન ડોમ મિસાઈલ સંરક્ષણ પ્રોજેક્ટને નકારવા સામે કેનેડાને ચેતવણી પણ આપી હતી, કહ્યું હતું કે, "તેઓ સમજી શકતા નથી, ચીન એક વર્ષમાં તેમને ગળી જશે." કેનેડા અંગે, ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાનો પાડોશી અમેરિકન સુરક્ષાને ટેકો આપવાને બદલે ચીન સાથે સંબંધો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર લખ્યું હતું કે, "કેનેડા ગ્રીનલેન્ડ પર ગોલ્ડન ડોમના નિર્માણનો વિરોધ કરી રહ્યું છે, જોકે ગોલ્ડન ડોમ કેનેડાનું રક્ષણ કરશે. તેના બદલે, તેઓએ ચીન સાથે વેપાર કરવા માટે મતદાન કર્યું, જે પ્રથમ વર્ષમાં જ તેમને 'ગળી જશે'."

ખરેખર, દાવોસ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં, કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ એક ગંભીર ચેતવણી આપી હતી, જેમાં યુએસના નેતૃત્વ હેઠળના વૈશ્વિક વ્યવસ્થા પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, "વિશ્વ સામાન્ય સંક્રમણમાંથી પસાર થઈ રહ્યું નથી, પરંતુ એક વિનાશક તિરાડમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં દાયકાઓ જૂની નિયમો-આધારિત વ્યવસ્થા લુપ્ત થઈ રહી છે." કાર્નેએ કહ્યું હતું કે, "મધ્યમ શક્તિઓએ સાથે મળીને કામ કરવું જોઈએ.




આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન

CMYK CMYK

# સુરત રેલવે સ્ટેશન પર ડીઆરઆઇનું મેગા ઓપરેશન, ૧ કરોડના ડ્રગ્સ સાથે નાઈજીરિયન મહિલા ઝડપાઈ

સુરત,

ગુજરાતના આર્થિક પાટનગર સુરત ફરી એકવાર ડ્રગ્સ તસ્કરીનું એપીસેન્ટર બન્યું હોય તેવું લાગી રહ્યું છે. ગુરુવારે ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા સુરત રેલવે સ્ટેશન પર એક ગુપ્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું, જેમાં ૧ કરોડ રૂપિયાથી વધુના ડ્રગ્સ સાથે એક નાઈજીરિયન મહિલાની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈથી અમૃતસર જતી ટ્રેનમાં વિદેશી મહિલા ડ્રગ્સની હેરાફેરી કરતી ઝડપાતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે અને સમગ્ર રેલવે તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ડીઆરઆઈના અધિકારીઓને બાતમી મળી હતી કે, મુંબઈ સેન્ટ્રલથી અમૃતસર જતી ટ્રેન સંખ્યા ૧૨૯૦૪, ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસના એસી ફર્સ્ટ ક્લાસ કોચમાં નશીલા પદાર્થોની હેરાફેરી થઈ રહી છે. આ ચોક્કસ માહિતીના આધારે, ડીઆરઆઈ ટીમે સુરત રેલવે સ્ટેશન પર ટ્રેન પહોંચતાની સાથે જ કોચ એચ-૧ ની સીટ નંબર એ-૨ પર તપાસ શરૂ કરી. અહીં મુસાફરી કરી રહેલી નાઈજીરિયન મૂળની મહિલા, અગ્ફેડો ઓસાટાહેમવેન જોયની અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછ બાદ તેની બેગની તલાશી લેવામાં આવતા ચોંકાવનારો જથ્થો મળી આવ્યો.

મહિલાની બેગની ઝીણવટભરી તલાશી લેતા તેમાંથી મોટો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. તપાસ દરમિયાન ૧૦ લાખની કિંમતનું ૫૦ ગ્રામ કોકેઈન અને અંદાજે ૯૦ લાખની કિંમતનું ૯૫૦ ગ્રામ મેથામ્ફેટામાઈન મળી આવ્યું હતું. આમ,ડીઆરઆઈ દ્વારા કુલ મળીને અંદાજે ૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે..

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલો માત્ર એક નાઈજીરિયન મહિલા પૂરતો સીમિત નથી. આ પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ સક્રિય હોવાની પ્રબળ શક્યતા છે.ડીઆરઆઈનો અંદાજ છે કે આ નશીલા પદાર્થોનો જથ્થો દેશના વિવિધ મોટા શહેરોમાં સપ્લાય કરવાનો હતો. હાલમાં ધરપકડ કરાયેલી નાઈજીરિયન મહિલાની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે.ડીઆરઆઈના અધિકારીઓ આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય સ્થાનિક અને વિદેશી પેડલરોની માહિતી મેળવવા માટે સઘન તપાસ કરી રહ્યા છે.

એસી ફર્સ્ટ ક્લાસ જેવા પ્રીમિયમ કોચમાં વિદેશી નાગરિક દ્વારા આટલા મોટા પાયે ડ્રગ્સની તસ્કરી થતા રેલવે સ્ટેશનો પરની સુરક્ષા વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. સુરત સહિતના મુખ્ય રેલવે જંકશનો પર હવે બાજ નજર રાખવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં આ તપાસના તાર વધુ ઊંડા ઉતરે તેવી સંભાવના છે.

# સુરતમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં દુર્ઘટના લોખંડની પ્લેટ નીચે દબાતા પિતા-પુત્રીનાં મોત




સુરત,

સુરત જિલ્લાના કઠોર ગામ પાસે તાપી નદીમાં નિર્માણાધીન બુલેટ ટ્રેનના બ્રિજના કામ દરમિયાન હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. બ્રિજનું કામકાજ ચાલુ હતું તે દરમિયાન અચાનક લોખંડની ભારે પ્લેટ નીચે પડી જતાં નદીમાં માછીમારી કરી રહેલા પિતા અને પુત્રી તેના નીચે દબાઈ ગયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે બંનેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પિતા-પુત્રીના મોતના સમાચારથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી અને પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બુલેટ ટ્રેન જેવા મહાપ્રોજેક્ટમાં સલામતીના નિયમોનું પાલન ન થવાથી આવી ઘટના બની હોવાની ચર્ચા સ્થાનિકોમાં ઉઠી રહી છે.

અકસ્માતની માહિતી મળતા જ સુરતની ઉત્તરાણ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. ભારે જહેમત બાદ બંનેના મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની સંભવિત બેદરકારી અંગે તપાસ શરૂ કરી છે.

# ગુજરાતી નાટ્યજગતે એક મજબૂત આધારસ્તંભ ગુમાવ્યો: રાજૂ બારોટનું ૭૫ વર્ષે નિધન



અમદાવાદ,

દિલ્હી અને અમદાવાદ તથા મુંબઈની રંગભૂમિ પર છેલ્લાં ૫૦ વર્ષથી દિગ્દર્શન અને અભિનયનાં અજવાળા પાથરનારા સશક્ત અભિનેતા રાજૂ બારોટે ૭૫ મા વર્ષે અણધારી વિદાય લીધી. વડોદરાની ફેકલ્ટી ઑફ પરફોર્મિંગ આર્ટસમાંથી અભિનયનો એકડો ઘૂંટનારા રાજૂ બારોટે શ્રી યશવંત કેળકર અને શ્રી માર્કંડ ભટ્ટ પાસે તાલીમની શરૂઆત કરી. તેમને દિલ્હી સ્થિત નેશનલ સ્કૂલ ઑફ ડ્રામાનાં દિગ્ગજ દિગ્દર્શક ઈબ્રાહિમ અલકાઝી પાસે અભિનયની વિશેષ તાલીમનો લાભ મળ્યો.

દિલ્હીની નેશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં ભરત દવે, રતન થિયામ, અનંગ દેસાઇ, દિલીપ શાહ અને રઘુવીર યાદવ જેવાં સમર્થ નાટયકારોનાં સહયોગ થકી "લૈલા મજનૂ", "બેગમકા તકિયા" જેવા અનેક નાટકો ભજવ્યા. એન.એસ.ડી.ની રેપેટરી કંપનીમાં રહીને દેશ-વિદેશની રંગભૂમિ પર અનેક નાટકો ભજવ્યા.૧૯૭૭ માં નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા-દિલ્હીથી પાછા આવીને ભરત દવે જેવાં દિગ્ગજ દિગ્દર્શક સાથે ચં. ચી. મહેતા લિખિત "મદિરા (મીડીયા)" નાટકમાં જેસંગની મુખ્ય ભૂમિકા ભજવીને બાદશાહી અભિનયનો ડંકો વગાડ્યો. એ પછી ભરત દવે સાથે જ ૧૯૮૭માં ગુજરાતી સાહિત્ય પરિષદના પટાંગણ માં જ્ઞાનપીઠ પુરસ્કૃત પન્નાલાલ પટેલની નવલકથા આધારિત "માનવીની ભવાઈ" નામે ફૂલ લેંથ નાટક ભજવ્યું. કવિ શ્રી ઉમાશંકર જોશી અને નવલકથાકાર પન્નાલાલ પટેલે આ નાટક ભરપેટ માણીને મુખ્ય ભૂમિકા ભજવનારા રાજૂ બારોટ અને દીપ્તિ જોશીને અભિનંદન આપ્યા. એ પછી ભરત દવે સાથે સ્ટ્રિનબર્ગનું નાટક "ધ ફાધર (વંધ્ય)" માં મુખ્ય ભૂમિકા ભજવીને રાજૂ બારોટે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત શ્રીકાંત શાહના સાત એકાંકી નાટકો દિનેશ હૉલમાં ભજવીને પોતાની સિદ્ધહસ્તતા સાબિત કરી હતી.

# ગુજરાતના ૧.૭૩ કરોડ મતદારો ક્યાં ગાયબ થયા, સુરતમાં જીવિત મતદારોને મૃત જાહેર કરાયા

## કોંગ્રેસ સરની કામગીરીમાં ગેરરીતિ અને મતદારોના અધિકાર છીનવવાનો આરોપ લગાવ્યો

સુરત,

ગુજરાત રાજયમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન બાદ ૧૯ જાન્યુઆરીએ બહાર પડેલી ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી હતી. જેમાં ૪ કરોડ ૩૪ લાખ મતદારો અંગે મોટા અપડેટ આવ્યા છે. આ મતદારોમાંથી ૪૦ ટકા મતદારોના ડેટા મેચ થયા નથી. એટલે કે, ૧.૭૩ કરોડ મતદારોના ડેટા મેચ નથઈ થઈ રહ્યા. આ તમામને તંત્રએ નોટિસ આપી છે. જૂની યાદીમાં નામ, ઘર નંબર અને ઉમર ખોટી રીતે લખાયેલાં હોવાથી ખામી આવી છે. તો તાર્કિક ખામીઓ અને મેપિંગ ન થવાને કારણે હવે આ તમામ મતદારોને રુબરુ હાજર રહીને પુરાવા આપવા પડશે. તંત્ર આ બાબતને લોજિકલ ડિસ્ક્રિપન્સી એટલે કે તાર્કિક ખામી અને નો મેપિંગ ગણાવી રહ્યુ છે. જે મુજબ, ૧.૭૩ કરોડ મતદારોની માહિતી અગાઉની ૨૦૦૨ ની યાદી સાથે મેળ ખાતી નથી. આવામાં તમામને બીએલઓ દ્વારા નોટિસ પાઠવીને રુબરુ હાજર રહેવા સૂચના અપાઈ છે.

પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે વડોદરા સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ અને મતદારોના અધિકાર છીનવવાના સુનિયોજિત ષડયંત્રનો આરોપ લગાવ્યો હતો. આ પ્રેસ કોન્ફરન્સમાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, પહેલા વોટ ચોરીના આરોપો ઉઠ્યા હતા અને હવે લગભગ ૧૦ લાખ જેટલા ખોટા અને બિનપુરાવાવાળા ફોર્મ-૭ (મતદારના નામ રદ્દ કરવા માટેના અરજીપત્ર) ભરીને મતદારોના બંધારણીય મતદાન અધિકારને છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બંધારણ દ્વારા દરેક નાગરિકને આપવામાં આવેલા મતના અધિકારને ભાજપ અને ચૂંટણી પંચના કથિત મેળાપીપણાથી ખતમ કરવાની કોશિશ થઈ રહી છે.

સુરતના આજણા અનવર નગરમાં જીવિત મતદારોને મૃત જાહેર કરાતા ભારે હોબાળો મચી ગયો છે. લિંબાયત વિસ્તારમાં એસઆઈઆર કામગીરીને લઈને રાજકીય ગરમાવો આવ્યો છે. ફોર્મ નંબર ૭માં આશરે ૨૨૫ જીવિત લોકોને મૃત અથવા તો સ્થળાંતરિત બતાવાતા તેઓ રોષે ભરાયા છે. મસ્જિદના લાઉડસ્પીકર પરથી કાયદાકીય લડત માટે લોકો એકત્ર થયા હતા. હાથમાં આધારકાર્ડ અને દસ્તાવેજો લઈને મતદારો રસ્તા પર ઉતર્યા હતા.

મતદારોએ ભાજપના કોર્પોરેટર વિક્રમ પોપટ પાટીલ સામે ગંભીર આક્ષેપ કર્યા. મુસ્લિમ બહુમતી વિસ્તારમાં સુનિયોજિત કાવતરાનો આરોપ મૂક્યો છે. ૮૦ ટકા મતદારોને કાગળ પર મૃત જાહેર કરાયા હોવાનો દાવો લોકોએ કર્યો છે. અહીં વર્ષોથી રહેતા અને નિયમિત મતદાન કરતા નાગરિકોના નામ કપાયા છે. ત્યારે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં આ મતદારોએ લેખિત અરજી આપી છે. કલેક્ટર અને ચૂંટણી અધિકારીને રજૂઆત કરવાની તૈયારી બતાવી છે. સ્થાનિકોએ આ બાબતને લોકશાહી પર હુમલો ગણાવ્યો છે. કોંગ્રેસ અને સ્થાનિક આગેવાનો દ્વારા તપાસની માંગ કરાઈ છે. જીવિત હોવા છતાં મૃત જાહેર થવાથી સમગ્ર વિસ્તારમાં આક્રોશ ફેલાયો છે.

# જુનાગઢમાં પહેલીવાર ૧ કરોડથી વધુની વ્હેલ માછલીની ઉલટી મળી, થેલીમાં એમ્બરગ્રીસ લઈને ફરતા વૃદ્ધ ઝડપાયા




જુનાગઢ,

જિલ્લામાં પ્રથમ વખત એક કરોડ કરતાં વધારેની વેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસ જુનાગઢ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ સંયુક્ત ઓપરેશન દરમિયાન પકડી પાડ્યું છે. પોલીસને મળેલી પૂર્વ બાતમીને આધારે એક વ્યક્તિ જુનાગઢ બીલખા રોડ પર પાદરીયા ગામ પાસે શંકાસ્પદ પ્રવૃતિઓ કરી રહ્યો છે.

પોલીસની ટીમે શંકાસ્પદ વ્યક્તિની તપાસ કરતા તેની પાસેથી એક કિલો જેટલી વેલ માછલીની એમ્બર ગ્રીસ મળી આવી હતી. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આજના દિવસે ૦૧ કરોડ ૦૨ લાખ ૫૦ હજાર કરતાં વધારેની થતી હતી.

ભાવનગર, સુરત, અમરેલી બાદ હવે જુનાગઢમાંથી પણ એમ્બરગ્રીસનો જથ્થો પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. પોલીસને મળેલી પૂર્વ બાતમીને આધારે ભાવનગર જિલ્લાના પાલીતાણામાં રહેતો પંકજ કુબાવત નામના ૭૨ વર્ષના વૃદ્ધ જુનાગઢ બીલખા રોડ પર પાદરીયા ગામ પાસે આવેલા રેલ્વે ક્રોસિંગ નજીક શંકાસ્પદ હિલચાલ કરતા હોવાની વિગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને મળતા પોલીસની ટીમોએ શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરતા તેમની પાસે રહેલી થેલીમાંથી એક કિલો જેટલી સફેદ અને આછા પીળા રંગની વ્હેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસ મળી આવી હતી. વ્હેલ માછલીની ઉલટીને લઈને પોલીસ પકડમાં રહેલા આરોપી પંકજ કુબાવત કોઈ યોગ્ય ખુલાસો ન કરતા પોલીસે તેની વિધિવત અટકાયત કરી છે.એસઓજી અને એલસીબીના સંયુક્ત ઓપરેશનમાં આજે જુનાગઢ જિલ્લામાં પ્રથમ વખત આ પ્રકારે એક કરોડ કરતાં પણ વધારે કિંમતની એમ્બરગ્રીસ મળી આવી હતી.

# બોર્ડ પરીક્ષાઓ માટે કડક વ્યવસ્થા: સીસીટીવી અને ફાયર સેફ્ટી ફરજિયાત, નિયમ ભંગ સામે કડક કાર્યવાહી

અમદાવાદ,

ગુજરાત રાજયમાં આગામી તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન યોજાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાઓને લઈને શિક્ષણ વિભાગે વ્યાપક તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ અટકાવવા તેમજ વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સીસીટીવી દેખરેખ અને ફાયર સેફ્ટી સંબંધિત કડક દિશાનિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે.

શિક્ષણ બોર્ડના આદેશ મુજબ રાજ્યના તમામ પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા ફરજિયાત રીતે કાર્યરત હાલતમાં હોવા જોઈએ. પરીક્ષા શરૂ થવાના ૧૫ મિનિટ પહેલાંથી લઈને પરીક્ષા પૂર્ણ થયા બાદના ૧૫ મિનિટ સુધી સતત રેકોર્ડિંગ રાખવાનું રહેશે. દરેક પરીક્ષા બ્લોકમાં સીસીટીવી કેમેરા એવી રીતે ગોઠવવામાં આવશે કે બ્લોક નંબર અને સમય દર્શાવતી ઘડિયાળ સ્પષ્ટ રીતે ફૂટેજમાં દેખાય.

બોર્ડ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પરીક્ષા પૂર્ણ થયા બાદ સીસીટીવી ફૂટેજની બે નકલ તૈયાર કરવાની રહેશે. જેમાંથી એક નકલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને અને બીજી નકલ જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવી ફરજિયાત રહેશે. પરીક્ષા કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર તેમજ પ્રશ્નપત્રો રાખવામાં આવતા સ્ટ્રોંગ રૂમ માટે અલગથી સીસીટીવી રેકોર્ડિંગ ફાઈલ તૈયાર કરવાની રહેશે.

જો પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની શંકાસ્પદ હિલચાલ અથવા નિયમ વિરુદ્ધની પ્રવૃત્તિ નોંધાશે, તો કેન્દ્ર સંચાલકોએ તાત્કાલિક પગલાં લેવાના રહેશે. જરૂર જણાય તો બોર્ડને અને જિલ્લા પ્રશાસનને તાત્કાલિક જાણ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

સીસીટીવી ઉપરાંત ફાયર સેફ્ટી વ્યવસ્થાને લઈને પણ શિક્ષણ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. તમામ પરીક્ષા કેન્દ્રોમાં ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત હોવા જરૂરી રહેશે. સાથે જ શાળાના મુખ્ય દરવાજા પાસે ફાયર એનઓસીની વિગતો સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. કોઈપણ અકસ્માતની પરિસ્થિતિમાં તાત્કાલિક બચાવ કામગીરી શક્ય બને તે માટે આ સૂચનાઓ આપવામાં આવી છે.

શિક્ષણ બોર્ડે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે સીસીટીવી અથવા ફાયર સેફ્ટી સંબંધિત સૂચનાઓનું પાલન ન કરનાર પરીક્ષા કેન્દ્રો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જરૂર પડ્યે કેન્દ્ર સંચાલકોની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

# નવી મતદાર યાદીમાંથી ગુજરાતના જાણીતા પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું જ નામ કપાયું!

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણાની કામગીરી વિવાદોના વમળમાં ફસાઈ છે. ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો છે કે, જાણીતા હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવા માટે ખોટું ફોર્મ ભરવામાં આવ્યું છે. આ મામલે જ્યારે તપાસ થઈ ત્યારે જે તથ્યો સામે આવ્યા તે ચોંકાવનારા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ એસઆઈઆર એટલે કે મતદાર યાદીની ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ વાંધા અરજીઓ મંગાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ એક મોટો ધડાકો કર્યો છે. મકવાણાનો આક્ષેપ છે કે ભાજપ દ્વારા લઘુમતી વર્ગ અને પ્રતિષ્ઠિત લોકોના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે 'ફોર્મ નંબર ૭' નો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં થાનગઢના ગૌરવ સમાન પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું નામ પણ બાકાત રાખવા અરજી કરવામાં આવી છે.

પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ કહ્યું કે, 'ભાજપ ચૂંટણી જીતવા માટે કોઈપણ હદ વટાવી રહી છે. પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી હટાવવા હિતેશ રાઠોડના નામે ફોર્મ ભરાયું છે. જિલ્લા ચૂંટણી અધિકારીની હાજરીમાં જ્યારે એ નંબર પર ફોન કર્યો, ત્યારે ખબર પડી કે આખી સિસ્ટમ હેક કરીને અજાણ્યા લોકોના નામે ફોર્મ જનરેટ થઈ રહ્યા છે. હાઈકોર્ટે આ બાબતે સુઓમોટો લેવો જોઈએ.'

આ મામલામાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે ફોર્મમાં લખેલા મોબાઈલ નંબરની તપાસ કરવામાં આવી. જે 'હિતેશ રાઠોડ' ના નામે અરજી હતી, તે નંબર વાસ્તવમાં રાજકોટના મહેશ હદાણીનો નીકળ્યો. મહેશભાઈ છેલ્લા ૮ વર્ષથી આ નંબર વાપરે છે અને તેઓ ક્યારેય થાન ગયા પણ નથી. તેમની જાણ બહાર તેમના નંબરનો ઉપયોગ કરીને આ ખોટું ફોર્મ ભરવામાં આવ્યું છે, જે ચૂંટણી પંચની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલ ઉભા કરે છે.

# અમદાવાદમાં તંત્ર લાચાર, ૧૨૦૦ કરોડના કેનાલ પ્રોજેક્ટમાં રાજકીય હસ્તક્ષેપથી મોટું નુકસાન!

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખારીકટ કેનાલને બોક્સમાં ફેરવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી હતી. રબારી કોલોની પાસે ભાવના સ્કૂલ નજીક માત્ર ૫૦ મીટરનું બોક્સ નાખવાનું કામ બાકી હતું. જોકે, ખેડૂતોને સિંચાઈ માટે પાણીની જરૂર હોવાની રજૂઆત સાથે ધારાસભ્ય બાબુ જમના પટેલે દબાણ કરતા સિંચાઈ વિભાગે પાણી છોડી દીધું હતું. કેનાલમાં પાણી આવતા જ કોન્ટ્રાક્ટરે ઉતાવળે મશીનો અને સામાન બહાર કાઢવો પડ્યો હતો.આ મામલે ધારાસભ્ય બાબુ જમના પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "ખારીકટ કેનાલનો પ્રોજેક્ટ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહ્યો છે. ખેડૂતોને અગાઉ બે વર્ષ પાણી નહીં મળે તેમ કહેવાયું હતું, પરંતુ હવે પાંચ વર્ષ થવા આવ્યા છતાં કામ પૂરું થયું નથી. ખેડૂતોના હિત માટે કામગીરી ભલે બંધ કરવી પડે, પણ તેમને પાણી મળવું જોઈએ. મેં બે મહિના સુધી પાણી ચાલુ રાખવા રજૂઆત કરી છે."

એ એમ સી ના અધિકારીઓના મતે, જો ૧૫ દિવસ પાણી ન છોડાયું હોત તો નીચેના બોક્સની કામગીરી સંપૂર્ણ પૂરી થઈ ગઈ હોત. અત્યારે સ્થિતિ એવી છે કે કેનાલની અંદર બાંધકામ માટે મુકવામાં આવેલા ટેકા, માટી અને અન્ય સામાન અંદર જ છે અને તેની ઉપરથી પાણી વહી રહ્યું છે. ધારાસભ્યએ કોન્ટ્રાક્ટરોની ઢીલી કામગીરી બદલ તેમને દંડ કરવાની પણ માંગ કરી છે.

# જૂનાગઢ: કડકડતી ઠંડીમાં ભયભીત ગામ, એકલદોકલ નહીં ટોળામાં ઘરની બહાર નીકળવા મજબૂર!

જૂનાગઢ,

ગ્રામ્ય વિસ્તારમાં શિયાળાની ઋતુ દરમિયાન દીપડાનો આતંક વધ્યો છે. છેલ્લા ઘણા સમયથી વંથલી પંથકમાં દીપડાના આંટાફેરાથી હાહાકાર મચ્યો છે. થોડા દિવસ પહેલા વંથલીના ટીકર ગામે એક ખેડૂત પર દીપડાએ હુમલો કર્યો હતો, જેને લઈને લોકોમાં ભયનો માહોલ છે. રાત્રિના તો ઠીક, પરંતુ દીપડો દિવસ દરમિયાન આવી ચડે છે. આ વિસ્તારમાં એક બે નહીં પરંતુ છ થી સાત જેટલા દીપડાઓ વસવાટ કરતા હોવાનો સ્થાનિક લોકોનો દાવો છે. ના છૂટકે ખેડૂતોને રાત્રિના સમયે પોતાની ખેતીની રખેવાળી કરવા અન્ય ખેડૂતોનો સહારો લેવો પડે છે. હાથમાં લાકડી અને ટોર્ચ સાથે ખેડૂતો વાડીએ જવા મજબૂર બન્યા છે. એક બાજુ ખેડૂતો પોતાના કિંમતી મોલને ભૂંડ, રોજ સહિતના વન્યપ્રાણીથી બચાવવા વાડીમાં રાત દિવસ રહેતા હોય છે, પરંતુ દીપડાના આતંકથી ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. વહેલી તકે દીપડાને પાંજરે પૂરવા માંગ ઉઠી છે.વંથલીના ટીકર ગામે દીપડાના આંટાફેરાથી લોકોમાં ભયનો માહોલ છે, જેને લઈને વન વિભાગે પેટ્રોલિંગ વધાર્યું છે અને દીપડાને પકડવા પાંજરું મૂક્યું છે. વન વિભાગના એસીએફ શાહિદ ખાન મકરાણી સહિતના અધિકારીઓ પણ રાત્રિના સમયે વાડી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. વન્યપ્રાણી દીપડાને ટ્રેપ કરવું એ થોડુંક ડિફિકલ્ટ કામ હોય છે. દીપડો સહેલાઈથી પકડાતો નથી, જેને લઈ વહેલી તકે દીપડો પાંજરે પુરાય તે માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વન વિભાગે ખેડૂતોને અપીલ કરી છે કે રાત્રી દરમિયાન ખેડૂતોએ કલરવાળા, દૂરથી દેખાય તેવા કપડાં પહેરવાનું રાખવું જોઈએ તેમજ વાડી વિસ્તારમાં જવા સમયે એકલદોકલ નહીં પરંતુ ચાર પાંચ લોકોનું ગ્રુપ બનાવીને વાતો કરતું જવું જોઈએ જેથી વન્ય પ્રાણી લોકોથી દૂર રહે.

આમ દીપડાની અવરજવરથી વન વિભાગ એલર્ટ બન્યું છે. રાત દિવસ એક કરીને દીપડાને પકડવામાં વન વિભાગની ટીમો છેલ્લા ચાર દિવસથી પ્રયાસો કરી રહી છે, પરંતુ દીપડો જાણે વન વિભાગની કામગીરી તપાસતો હોય તેમ લાગી રહ્યું છે.

# રાજકોટમાં વ્યાજખોરોએ બંદૂકના નાળચે યુવકના ફલેટનું સાટાખત લખાવી લીધું

## યુવાનનું અપહરણ કરી ૧૧ કલાક ગોંધી બેફામ માર માર્યો : સાત શખ્સો સામે ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરમાં વ્યાજખોરો બેફામ બન્યા છે. સહકાર મેઈન રોડ પરથી યુવકને વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરી અપહરણ કરી મવડીના બાપાસીતારામ ચોક નજીક ગેરેજમાં લઈ જઈ ૧૧ કલાક સુધી ગોંધી રાખી ૩ લાખની સામે ૨૦ ટકા સુધીના વ્યાજની વસુલાત કરવા યુવકના લમણે બંદૂક રાખી નાગેશ્ર્વર પાસે આવેલા ફલેટનું બળજબરી પૂર્વક સાટાખત લખાવી લેતા પોલીસમાં વ્યાજખોર પિતા-પુત્ર સહિત સાત શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

વધુ વિગતો મુજબ બેડી ચોકડી પાસે આરાધના એપાર્ટમેન્ટમાં રહેતા ધર્મેશ પ્રકાશભાઈ સીધપુરાએ પોતાની ફરિયાદમા વ્યાજખોર પ્રશાંતભાઈ શૈલેષભાઈ તરાવીયા, શૈલેષભાઈ તરાવીયા, કરણ પેથાણી, યશ લીંબાશીયા, સાહિલ ગાજીપરા, પ્રભાત આહીર અને યશ ખૂંટ સામે અપહરણ, મારામારી વ્યાજખોરી, ધમકી અને બળજબરીથી પડાવી લેવા અંગેની કલમ હેઠળ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદી ધર્મેશભાઈએ આક્ષેપો સાથે ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, તેઓ મજૂરી કામ કરે છે અને અગાઉ સ્પીડવેલ ચોક પાસે રહેતા હતા ત્યારે બાપાસીતારામ ચોક પાસે ગેરેજ ચલાવતા પ્રશાંત શૈલેષભાઈ તરાવીયા સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ ધર્મેશભાઈને પૈસાની જરૂરીયાત ઉભી થતા તેઓએ પ્રશાંતભાઈ પાસેથી ત્રણ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. સૌ પ્રથમ પ્રશાંતભાઈએ રૂપિયા ૨.૪૦ લાખ આપ્યા હતા. જેના બદલામાં ફરિયાદીએ કાર અને એક ચેક ગીરવે આપ્યા હતા અને ૨.૪૦ લાખની સામે આરોપીએ ૧૫ હજાર કાપી લીધા હોવાનુ અને બાકીના ૬૦ હજાર સગવડ થાય ત્યારે આપવાનુ કહ્યુ હતું. આમ છતા પ્રશાંતે ૬૦ હજાર ન આપી ઉઘરાણી શરૂ કરી હતી. આ સમયે તેમણે ૫%ની બદલે ૨૦% લેખે ત્રણ લાખ આપ્યાનું કહેતા ધર્મેશભાઈએ આટલુ વ્યાજ નહીં ભરી શકે તેમ જણાવ્યુ હતું. આ છતા આરોપી પ્રશાંતે પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. ત્યારબાદ ગત તા.૬/૧૨ના રોજ ફરિયાદી ધર્મેશભાઈ સહકાર મેઈન રોડ પર આવેલા પોતાના ઘરેથી શાપરમાં તેમની પત્નીને લેવા માટે ઘર બહાર નીકળ્યા ત્યારે ત્યા અગાઉથી જ ઉભેલા પ્રશાંતના ગેરેજ કામ કરતા યશ લીંબાશીયા અને કરણ પેથાણીએ કહ્યુ કે, તેમને પ્રશાંતના પિતા શૈલેષભાઈ ગેરેજ બોલાવે છે. પૈસા બાબતે વાત કરવી છે તેમ કહી બંને ધર્મેશને ગાડીમાં બેસાડી ગેરેજમાં લઈ ગયા જયા પ્રશાંત અને તેના પિતા શૈલેષે આવી પૈસા ઉઘરાણી કરી હતી જેથી ધર્મેશે હાલ પૈસા નથી બે મહિના પછી પૈસા આપી દઈશ તેમ જણાવ્યુ હતું આમ છતા પ્રશાંત અને તેમના પિતાએ પૈસા અત્યારેજ આપવા પાડશે તેમ કહી પઠાણી ઉઘરાણી કરી હતી. પૈસા ન હોય તો સાટાખત કરી આપવુ પડશે તેમ કહ્યુ હતું. ત્યારબાદ ગેરેજમાં કરતા યશ લીંબાશીયાએ ઢીકા પાટુનો માર માર્યો હતો.

આરોપી પિતા-પુત્રએ પરાણે ધાક ધમકીથી બાઈકમાં બેસાડી મવડી ચોકડી ખાતે વકીલની ઓફિસે લઈ જઈ બળજબરી પૂર્વક જામનગર રોડ પર આવેલ ફલેટનું સાટાખત કરાવી લીધું હતું.

ત્યારબાદ અલગ અલગ સમયે પ્રશાંતના મિત્ર સાહીલ ગાજીપરા અને પ્રભાત આહીરએ કારમાં આવી બેફામ મારમાર્યો હતો અને ત્યારબાદ અન્ય કારમાં આવેલા યશ ખૂંટે ધર્મેશના લમણે બંદૂક રાખી કહ્યુ કે, તુ બીજા બધાને ભૂલી જજે તારે હવે રૂપિયા

# રાજકોટના કુવાડવા ગામે દીકરાની જાન પહેલા પિતાનું હૃદય બેસી ગયું

## આજે દીકરીના લગ્ન થયા : કાલે દીકરાની જાન જવાની હતી : શુભ પ્રસંગ શોકમાં ફેરવાયો

રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા પાસે આવેલા સાતડા ગામે એક કરૂણ ઘટના બની ગઈ હતી. જેમાં કોળી પરિવારના આંગણે ગઈકાલે દીકરાની જાન જાય તે પહેલા જ પિતાનું હાર્ટએટેકથી મૃત્યુ નિપજતાં હરખનો પ્રસંગ શોકમાં ફેરવાયો હતો. આજે દીકરીના લગ્ન હોય જે ધામધુમથી પુરા કરવામાં આવ્યા હતાં.

વધુ વિગતો મુજબ રાજકોટના સાતડા ગામે રહેતાં અને ખેતીકામ કરતાં દાનાભાઈ નાથાભાઈ મેઘાણી નામનાં ૫૦ વર્ષના પ્રૌઢ ગઈકાલે તેમના દિકરાના લગ્નની જાન રાત્રે જવાની હોય સાંજના ચારેક વાગ્યે પરિવારજનો સાથે બેઠા હતાં ત્યારે અચાનક ઢળી પડતાં તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતાં. પરિવારજનોએ આ મામલે જણાવ્યું હતું કે, મૃતક દાનાભાઈને સંતાનમાં ચાર દીકરી અને એક દીકરો છે. તેમજ પોતે ચાર ભાઈ ત્રણ બહેનમાં પાંચમાં નંબરના હતાં અને ગઈકાલે દીકરાની જાન જવાની હતી અને આજે તેમની મોટી દીકરીના લગ્ન હોય જાન આવવાની હતી.

ગઈકાલે તેઓ દીકરાના લગ્નનો જમણવારનો પ્રસંગ હોય સાંજના ચારેક વાગ્યે પરિવારજનો સાથે બેઠા હતાં ત્યારે અચાનક બેભાન થઈ જતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આમ પરિવારમાં હરખનો પ્રસંગ માતમમાં ફેરવાયો હતો. જ્યારે બીજા બનાવમાં રૈયા ટેલિફોન એકક્ષ્ચેન્જ પાસે સોમનાથ સોસાયટીમાં રહેતાં મનોજભાઈ કિશોરભાઈ ગોહિલ (ઉ.૪૬) સવારે પોતાના ઘર પાસે આવેલા તુલસી બગીચામાં બેઠા હતાં ત્યારે બેભાન થઈ જતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. તેઓ બે ભાઈ બે બહેનમાં બીજા નંબરનાં હતાં. તેમજ અન્ય બનાવમાં ગંજીવાડા મેઈન રોડ પર રહેતાં નારણભાઈ બીજલભાઈ બથવાર (ઉ.૪૫) રાત્રીનાં સમયે પોતાના ઘરે હતાં ત્યારે હાર્ટએટેક આવતાં તેઓને તુરંત હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેઓને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. તેઓ રીક્ષાના સીટ કવર બનાવી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.

# રાજકોટના એરપોર્ટ રોડ પર અકસ્માતમાં ઘવાયેલા નેપાળી યુવાનનું સારવારમાં મોત



રાજકોટ,

રાજકોટ શહેરમાં હનુમાન મઢી નજીક બે બાઈક અથડાયા હતા. જેમાં ત્રણ યુવક ઘવાયા હતા. એકને સિવિલમાં અને બીજા બે ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.જેમાં સિવિલમાં સારવારમાં રહેલા એરપોર્ટ રોડ પર અમરજીતનગરમાં રહેતા રેશમ થાપાનું મોત નીપજ્યું હતું. ગત ગુરુવારે સાંજે પાંચ વાગ્યાં આસપાસ હનુમાન મઢી ચોકથી આગળ એરપોર્ટ રોડ પર છોટુનગર સામે નિલ દા ઢાબા હોટલ પાસે આ બનાવ બન્યો હતો. જેમાં બાઈક અને એક્ટિવા સામસામે અથડાયા હતા.મૃતક રેશમ નરબહાદુર થાપા નિર્મલા રોડ પર લોન્ડ્રીની દુકાનમાં કામ કરતો હતો. તે દુકાનેથી ઘરે બાઈક પર જતો હતો. રેશમ થાપા મૂળ નેપાળનો વતની હતો. તેને સંતાનમાં ૩ દીકરા છે. પોતે પાંચ ભાઈ અને ૨ બહેનમાં વચેટ હતો. તેના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.સામે પક્ષે ડબલ સવારીમાં એક્ટિવા પર જઈ રહેલા હર્ષ સુભાષભાઈ ગોરણીયા (ઉંમર વર્ષ ૩૨, રહે. શિતલ પાર્ક) અને વિરલ મહેશભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૫, રહે. બજરંગવાડી શેરી નંબર ૫) બંને ફાયર સેફટીનું કામ કરે છે. ધંધામાં પાર્ટનર છે. તેઓ સાઈટ પર કામ જોઈ ઘરે જતા હતા. તે બંનેને ઈજા થતા સિવિલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ઉપલેટામાં પીઠડ માતાજીના મંદિરમાંથી ચોરી કરનાર આરોપી ઝડપાયો

રાજકોટ,

ઉપલેટામાં આવેલા સુવા પ્લોટ વિસ્તારમાં સુવા પરિવારના કુળદેવી શ્રી પીઠડ માતાજીના મંદિરમાં તસ્કરોએ મુખ્ય દરવાજા અને ગર્ભગૃહના તાળા તોડી આશરે રૂા.૧૧,૮૦,૦૦૦ની કિંમતના માતાજીના સોનાના ઘરેણાંની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી.



જાણવા મળ્યા મુજબ ચોરીના આ બનાવમાં મંદિરના વહીવટકર્તા દેવેનભાઈ સોમાતભાઈ સુવા દ્વારા ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે તા. ૨૧ના રાતના દસથી તા. ૨૨ના સવારના છ સુધીમાં ચોરી થઈ હતી. તેઓ મંદિરે આરતી કરવા ગયા ત્યાંરે મુખ્ય દરવાજા અને ગર્ભગૃહના તાળા તૂટેલા જણાયા હતા. તસ્કરો માતાજીની મૂર્તિ પરથી નીચે મુજબના સોનાના આભૂષણોની ચોરી કરી ગયા હતાં. સોનાનું છતર આશરે પાંચ તોલા કિંમત ૬,૫૦,૦૦૦, સોનાનું ડોકિયું-હાર આશરે બે તોલા કિંમત ૨,૬૦,૦૦૦, સોનાની પાંદડીઓ બે તોલા કિંમત ૨,૬૦,૦૦૦ અને સોનાની નથણી કિંમત ૧૦,૦૦૦ મળી કુલ ચોરીઃ આશરે ૧૧,૮૦,૦૦૦ની ચોરી થઈ હતી. મંદિરમાં ચોરી થયાની જાણ થતા જ સુવા પરિવારના સભ્યો અને આગેવાનો એકઠા થયા હતા. ચોરી થઈ એ દિવસેમાતાજીનો પ્રાગટય દિવસ હોવાથી તેની તૈયારીઓમાં વ્યસ્ત હોવાને કારણે ફરિયાદ નોંધાવવામાં થોડો વિલંબ થયો હોવાનું જણાવાયું હતું. ઉપલેટા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન ઉપલેટા પોલીસ મથકના હેડ કોન્સ. કોશિકભાઈ જોષીની બાતમી પરથી ખાખીજાળીયા રોડ પર રઘુવંશી સોસાયટીમાં રહેતાં ચંદ્રેશ ગુણવંતરાય બાંભણીયાને આ ચોરીમાં ઝડપી લેવાયો છે. તેની પાસેથી સોનાનુ છતર, ડોકીયુ, કાનની પાંદડીઓ, નથણી સહિત તમામ દાગીના અને જીજે૦૩એમએલ-૪૨૮૮ નંબરની ૪ લાખની આઈ-ટેન કાર જપ્ત કરવામાં આવી છે. કાર લઈને આ ચોર ચોરી કરવા નીકળ્યો હતો.

આ કામગીરી જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સુચના અંતર્ગત ઉપલેટા પીઆઈ બી.આર. પટેલ, પીએસઆઈ એસ. પી. ભટ્ટ, એએસઆઈ ધરમચંદ કટોચ, નિલેષભાઈ ચાવડા, હેડકોન્સ. કોશિકભાઈ જોષી, હરેશભાઈ જાંબુકીયા, કોન્સ. રઘુભાઈ ઘેડ, પ્રફુલભાઈ ભરડા અને રાહુલભાઈ વાંઝાએ કરી હતી.

# બેંગ્લોરમાં ઝેરી દવા પીધા બાદ રાજકોટ ભાઇના ઘરે આવેલા નેપાળી યુવાનનું મોત



રાજકોટ,

બેંગ્લોરમાં રહેતા નેપાળી યુવાને પાંચ દિવસ પહેલા ઝેરી દવા પી લીધા બાદ તે રાજકોટમાં તેના મોટાભાઈના ઘરે આવ્યો હતો. દરમ્યાન આજે સવારે તેની તબીયત લથડતા તેનુ મોત નિપજ્યુ હતું. આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ બેંગ્લોરમાં હોટલમાં કામ કરતા પવન દાનીશિંગ નેપાળી (ઉ.વ.૧૮)નામના યુવાને ગતા તા.૧૯ના રોજ બેંગ્લોરમાં ઝેરી દવા પી લીધી હતી.

બાદમાં બેંગ્લોરમાં સારવાર દીધા બાદ રાજકોટમાં માધાપર ચોકડી પાસે હરીકૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેતા તેના મોટાભાઈ વિરેન્દ્રના ઘરે આવ્યો હતો. દરમ્યાન આજે સવારે પવનની તબીયત લથડતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો. જયા તેનુ ટૂંક સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતું આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક પવન ત્રણભાઈ બે બહેનમાં વેચટ અને અપરિણીત હોવાનુ જાણવા મળ્યુ છે.

# રાજકોટમાં બેંકના નિવૃત્ત કર્મચારીએ 'પેન્શન રીટાયર્ડ કાર્ડ' બનાવવા જતા રૂ.૧૫.૯૯ લાખ ગુમાવ્યા

## ફેસબૂક પર જાહેરાત જોઇ લિંક ઓપન કરી વિગત ભરી હતી

રાજકોટ,

રાજકોટના યુનિવર્સિટી રોડ પર પદ્મનાભ ટાવરની પાછળ મિલાપનગર પાસે ગુલમહોર સોસાયટી-૧માં રહેતાં દેનાબેંક (હાલ બેંક ઓફ બરોડા)ના નિવૃત સ્કેલ વન ઓફિસર હસમુખભાઈ ભગવાનજીભાઈ ગણાત્રા (ઉ.વ.૭૨)ની ફરિયાદ પરથી ફેસબૂકની આઈડીના એક ધારક, ઈન્ડસલેન્ડ બેંકના ખાતાધારક અને અન્ય એક એકાઉન્ટના ધારક સામે ગુનો નોંધ્યો છે.

તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરીવાર સાથે રહુ છુ અને નિવૃત જીવન જીવુ છું. તા. ૬/૧૧/૨૫ના રોજ હું મારા ફેસબુક ઉપર સર્ફીંગ કરી રહ્યો હતો ત્યારે મને ફેસબુક પર બેક્ર ઓફ બરોડાના નામથી એક પેઈજ જોવા મળતાં મેં તેની યુઆરએલ લિંક ઓપન કરી હતી. જેમા બેંક ઓફ બરોડા-પેન્શન રિટાયર્ડ કાર્ડ બનાવવા માટેનું ફોર્મ હતું. હું દેના બેંકમાં નોકરી કરી નીવૃત થયેલ એ પછી દેનાબેંક બેંક ઓફ બરોડા બેંકમાં મર્જ થયેલ હોઈ મેં તેમાં આવેલા એપ્લાઈ બટન પર કલીક કર્યુ હતું. આ પછી આશરે એકાદ કલાક પછી મને અજાણ્યા મોબાઈલ નંબર પરથી વ્હોટએપમાં વિડીયો કોલ આવ્યો હતો. જે મેં રિસીવ કર્યો હતો. જો કે આ વિડીયો કોલમાં સામેવાળાનો માત્ર બેંક બેઅફ બરોડોનો લોગો જ દેખાતો હતો.તેણે મને કાર્ડ બનાવવા માટે મેં ફેસબૂકની લિંકમાં એપ્લાય કરેલું તેની વિગતો આપવાનું કહેતાં મેં મારું પેન્શન જે બેંકમાં જમા થાય છે તે બેંકના એકાઉન્ટ નંબર, તે બેંક એકાઉન્ટમાં રજીસ્ટર મોબાઈલ નંબર આપ્યા હતાં. તેમજ મારું એડ્રેસ વેરીફાય કરાયું હતું. આ દરમિયાન લગભગ અડધો કલાક જેટલો સમય સુધી વિડીયો કોલ ચાલુ રહ્યો હતો. આ પછી મને કહેલું કે-તમારું કાર્ડ જનરેટ થઈ રહ્યું છે. ત્યારબાદ ફોન કટ થઈ ગયેલ અને મે મારો ફોન ચેક કરતા તે લોક થઈ ગયો હતો અને ઓપન થતો નહોતો.આથી હું મારો ફોન લઈને સેમસંગ કેરમાં ગયો હતો અને ફોન ફોર્મેટ કરાવ્યો હતો. જેથી અન્ય તમામ માહીતી મારા ફોનમાથી ડીલીટ થઈ ગઈ હતી. ત્યારબાદ મને બીજા દિવસે જાણવા મળેલ કે મારા બે બેંક એકાઉન્ટમાંથી ટ્રાન્જેકશન થઈ ગયા છે. જેમાં નીચે મુજબના ટ્રાન્જેકશન મારી જાણ વગર થયેલ હતા. જેમાં એક ટ્રાન્ઝેકશન રૂપિયા ૧,૯૯,૦૦૮નું અને અન્ય બે ટ્રાન્ઝેકશન ૧૦ લાખ તથા ૪ લાખના રેઝર-પેમારફતે થયા હતા. આમ કુલ મળી રૂ. ૧૫,૯૯,૦૦૮ રૂપિયા મારા બેંક એકાઉન્ટમાંથી ઉપડી ગયા હતાં.

# શાપર-વેરાવળમાં માચીસ બાબતે બબાલ મામા-ભાણેજ ઉપર હુમલો : વાહનમાં તોડફોડ

## નામચીન શખ્સે આતંક મચાવી જાહેરમાં હુમલો કરી તોડફોડ કરતાં ગુનો નોંધાયો

રાજકોટ,

રાજકોટના શાપર વેરાવળમાં માચીસ માંગવા મામલે બબાલ થઈ હતી અને ફર્નીચરનો વેપાર કરતા યુવાન અને તેના માનેલી બહેનના પુત્ર સહીત ત્રણ ઉપર નામચીન શખ્સે હુમલો કરી એકટીવામાં તોડફોડ કરતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મળતી વિગતો મુજબ રાજકોટના શાપર વેરાવળમાં શીવ નગર શેરી. નં.૨માં રહેતા અને ફર્નીચરનો વેપાર કરતા કૌશીક મુકેશભાઈ પરમાર (ઉ.વ.૨૪), તેની માનીતી બેનનાં પુત્ર યશ અને તેના મિત્ર સંદીપભાઈ વેરાવળમાં શાંતીધામ નજીક બાપાસિતારામ ચોક પાસે હતા ત્યારે તેજ વિસ્તારમાં રહેતા લલીત નામના શખ્સે ગાળો દઈ ધોકા વડે હુમલો કરી સ્કૂટરમાં ધોકાથી તોડ-ફોડ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ કૌશિક ભાઈ વેરાવળમાં શાંતીધામમાં રહેતા જ્યોત્સના બેનને ધર્મના બેન માનેલ છે. આશરે બાવીસેક દિવસ પહેલા તે માનીતી બહેનના પુત્ર યશ સાથે તેનું એક્ટીવા લઈ યશના ઘરેથી શાંતિધામમાં આવેલા કારખાનામાં કામ કરતા મિત્ર સંદીપભાઈને મળવા ગયા હતા. ત્રણેય બાપાસિતારામ ચોક પાસે રોડ ઉપર ઉભા હતા ત્યારે તેજ વિસ્તારમાં રહેતો આરોપી લલીત તેની પાસે આવ્યો હતો.

આસમયે યશે આરોપીને બે દિવસ અગાઉ મે તમારી પાસે દિવાસળીનું બોક્સ માંગ્યું હતું તો તમે મારા પિતાજીને કેમ કહ્યું કે યશ સિગારેટ પીવે છે તમારા ખોટા બોલવાને કારણે ઘરે ઝઘડો થાય છે' તેમ કહ્યું હતું. આથી આરોપીએ તેને તારાથી થાય તે કરી લે કહીં ગાળો આપતા યશે તેને ગાળો નહી આપવા જણાવ્યું હતું. આથી આરોપીએ ઉશ્કેરાઈ આજે તો તને જીવતો નથી રહેવા દેવો કહીં તમાચા ઝીંકી દીધા હતા. એટલું જ નહીં રોડ નજીક પડેલો ધોકો ઉપાડી હુમલો કરવા જતા તે અને મિત્ર સંદીપભાઈ ભાણેજ યશને બચાવવા વચ્ચે પડયા હતા. આથી આરોપીએ તે બંને પર હુમલો કરતા ત્રણેય ડરના કારણે ત્યાંથી દુર જતા રહ્યા હતા. થોડે દુર જઈ યશના પરિવારજનોને જાણ કરતા તે ત્યાં આવ્યા હતા. અને ઘટના સ્થળે પડેલું એકિટવા લેવા જતાં તેમાં ધોકાથી નુક્સાની કરેલાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના યુનિવર્સિટી રોડ ભવાનીનગરમાં મકાન વેંચી દેવા મહિલાને ધમકી આપી

રાજકોટ,

રાજકોટના યુનિવર્સિટી રોડ પર પુષ્કરધામ પાસે આવેલા ભવાનીનગરમાં રહેતા દક્ષાબેન નિતીનભાઈ જેઠવા(મોચી) (ઉ.વ.૪૩)એ નૈનાબા કરણસિંહ સોલંકીએ મકાન પચાવી પાડવા અને વેચાણે આપવા અંગે ધમકી આપતા તેમની સામે યુનિવર્સિટીમાં પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી આવી છે.

દક્ષાબેને ફરિયાદમાં જણાવ્યુ હતું કે,અમોએ પુસ્કરધામ પાસે ભવાનીનગર-૨માં મકાન કાંતીલાલ મોહનલાલ સીતાપરા પાસેથી વેચાણથી તા. ૦૩/૧૧/૨૦૦૮ ના રોજ ખરીદેલ છે અને ત્યારથી અમો પરીવાર સાથે તે મકાનમા રહીએ છીએ અને ડિસેમ્બર-૨૦૨૪ મા નયનાબા કરણસિંહ સોલંકી અમારા ઘરે આવેલ અને મને જણાવેલ કે,તમારી બાજુમા આવેલ ગોપાલભાઈ ભટ્ટીનુ મકાન મે વેચાણથી લઈ લીધેલ છે અને તમારૂ આ મકાન અમારા દબાણમા આવે છે જેથી તમો તમારૂ આ મકાન મને વેચાણથી આપી દયો જેથી મે તેઓને જણાવેલ કે,અમારે અમારૂ મકાન વેચવુ નથી જેથી તેઓએ મને જણાવેલ કે તમે તમારૂ મકાન અમોને વેચાણથી આપી દયો નહીતર અમે તમારૂ આ મકાન પચાવી પાડીશુ અને અમારે મોટી ઓળખાણો હોય જેથી તમો અમોને કંઈ કરી શક્શો નહી તેમ છતા મે મકાન વેચવાની ના પાડતા તેઓ જતાજતા બોલેલા કે,તમે કેમ અહીં રહેશો તે જોઈ લેશુ અને ત્યારબાદ મારા વિરુધ્ધમા પોલીસ સ્ટેશન ખાતે જગ્યા પચાવી પાડવા બાબતની અરજી કરેલી હતી.

જેથી અમે અમારા જરૂરી દસ્તાવેજો લઈ પોલીસ સ્ટેશન ખાતે ગયેલ અને પોલીસ સ્ટેશન ખાતે અમારા મકાનના જરૂરી દસ્તાવેજો રજુ કરેલ અને અમો બન્ને વચ્ચે હવે પોલીસ સ્ટેશન ખાતે અરજીઓ ન કરવા બાબતે સમાધાન થયેલ તેમ છતા આ નયનાબાએ મારા વિરુધ્ધમા પોલીસ સ્ટેશન ખાતે ઝઘડા બાબતની અરજી કરેલ અને આ નયનાબા અમોને અ મારૂ આ મકાન તેઓને વેચી દેવા માટે અવાર નવાર હેરાન કરતા હોય જેથી યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટમાં છૂટાછેડા બાદ પુત્રીને લઇ જવા પૂર્વ પતિ સહિતના સાસરીયાઓનો મહિલા ઉપર હુમલો

રાજકોટ,

રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં આવેલા નવલનગરમાં રહેતી મહિલા વાવડી ગામે ભરાતી ગુરુવારી બજારમાં કપડા વેંચવા ગઈ હતી ત્યારે પૂર્વ પતિ સહિતના સાસરીયાઓએ આવી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

છૂટાછેડા બાદ પુત્રીને લઈ જવા બાબતે ઝઘડો કરી માર માર્યોનું જાણવા મળ્યુ છે.જાણવા મળતી વિગત મુજબરાજકોટ નવલનગર શેરી નં.૯માં રહેતી મહેશ્ર્વરીબેન મયુરભાઈ રામાનંદી (ઉ.વ.૨૯)નામની મહિલા ગત તારીખ ૨૨ના રાત્રે વાવડી ગામમાં વંસુધરા રેસીડેન્સી પાસે ભરાતી ગુરુવારી બજારમાં કપડા વેચવા ગઈ હતી ત્યારે ત્યા પૂર્વ પતિ હાર્દિક બગડાઈ, દીયર અંકિત બગડાઈ નણંદ શ્રુતિબેને આવી ઝઘડો કરી ઢીકા પાટુનો માર મારતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી મુસાફરની ૨૭,૩૦૦ની મત્તા સાથેની બેગની ઉઠાંતરી

રાજકોટ,

રાજકોટના રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી કેશોદના પરિવારના સામાનમાંથી કોઈ અજાણ્યો શખસ બેગ ચોરી કરી ગયો હતો. જે બેગમાં રોકડ રૂપિયા ૨૦,૦૦૦, ઘડિયાળ અને કપડાં સહિત કુલ રૂપિયા ૨૭,૩૦૦ હોય જે ચોરી કરી ગયા અંગે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

કેશોદમાં માંગરોળ રોડ પર પીપળીયાનગરમાં રહેતા મહેન્દ્રભાઈ શામજીભાઈ વણપરિયા (ઉ.વ. ૫૮) નામના પ્રૌઢે રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગત તા. ૨૦/૧/૨૦૨૬ ના સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ટ્રેનમાં પરિવાર સાથે કોચ નંબર એ-ટુ માં સુરતથી કેશોદ આવવા માટે સુરત રેલ્વે સ્ટેશન પરથી સાંજના ૦૫:૪૫ વાગ્યા આસપાસ ટ્રેનમાં બેસી મુસાફરી કરતા હતા. તા. ૨૧/૧ ના સવારે ૧૦ વાગ્યાં આસપાસ રાજકોટ રેલવે સ્ટેશન ખાતે ટ્રેન પહોંચતા તેમના પરિવારના સભ્યો સુતા હોય અને તેઓ રાજકોટ રેલવે સ્ટેશન આવતા વોશરૂમ માટે ગયા હતા અને થોડીવારમાં પરત આવીને મુસાફરી દરમિયાન સાથે રહેલા તેમનો સામાન જે રિઝર્વેશન સીટ નીચે રાખ્યો હતો તે ચેક કરતા એક લાલ કલરની બેગ જોવા મળી નહીં.


બાદમાં ટ્રેનના કોચમાં તપાસ કરતા અને અન્ય મુસાફરોને આ બેગ બાબતે પૂછતા એક મુસાફરે જણાવ્યું હતું કે, હમણાં જ એક શખસ તમે કહો છો તેવું બેગ લઈને જતાં મેં જોયો હતો તેવું જણાવ્યું હતું. આ બેગમાં લેડીઝ કપડા તથા ટાઈટન કંપનીની કાંડા ઘડિયાળ કિં.રૂ. ૨૮૦૦ અને બેગમાં રાખેલ રોકડ રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૭,૩૦૦ ની મત્તા સાથેની આ બે ટ્રેનમાંથી કોઈ અજાણ્યો શખસ ચોરી કરી ગયો હતો. જે અંગે તેમણે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધાર

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

## સૌરાષ્ટ્ર આસપાસ

### દૂષિત પીવાના પાણીએ હાહાકાર મચાવ્યો, વહીવટીતંત્ર પાઠ શીખવા તૈયાર નથી

ઈન્દોરના ભગીરથપુરા પછી, તે જ જિલ્લાના મહુમાં દૂષિત પીવાના પાણીને કારણે આશરે ૩૦ લોકો બીમાર પડ્યાના સમાચાર દર્શાવે છે કે સરકાર અને વહીવટીતંત્ર જરૂરી પાઠ શીખવા તૈયાર નથી. ભગીરથપુરામાં દૂષિત પીવાના પાણીને કારણે ૨૫ થી વધુ લોકોના મોત અને સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ ધરાવતા ઇન્દોર વહીવટીતંત્રને થયેલી બદનામી પછી, રાજ્યભરમાં તકેદારી રાખવી જોઈતી હતી કે દૂષિત પીવાનું પાણી ક્યાંય પણ પૂરું ન પડે. જોકે, મહુ કેસ દર્શાવે છે કે આવું કરવામાં આવ્યું ન હતું. આ જાહેર આરોગ્યની ગંભીર અવગણના દર્શાવે છે. દૂષિત પીવાના પાણીનો મુદ્દો ફક્ત ઇન્દોર પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. દેશભરના શહેરોમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે પ્રશ્નો સતત ઉભા થાય છે. આ પ્રશ્નોને ત્યાં સુધી અવગણવામાં આવે છે જ્યાં સુધી લોકો દૂષિત પાણીને કારણે ગંભીર રીતે બીમાર ન થાય અથવા મૃત્યુ પામે, જેમ કે ભગીરથપુરામાં. એ વાતને અવગણવી ન જોઈએ કે તાજેતરના સમયમાં, નોઈડા અને ગાંધીનગર સહિત દેશભરના ઘણા શહેરોમાં દૂષિત પીવાના પાણી પુરવઠાના કિસ્સાઓ નોંધાયા છે. આ કિસ્સાઓની વ્યાપક ચર્ચા થઈ હતી કારણ કે ભગીરથપુરાનો મુદ્દો સામે આવ્યો હતો. એ કોઈ રહસ્ય નથી કે આપણા દેશમાં પીવાના પાણીની અને અન્ય નાગરિક સુવિધાઓની ગુણવત્તા કુખ્યાત રીતે હલકી ગુણવત્તાની છે. પીવાના પાણીની ગુણવત્તા અંગે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવતા દાવાઓ છતાં, સત્ય એ છે કે દેશના મોટા ભાગોમાં પીવાના પાણીની ગુણવત્તા હલકી ગુણવત્તાની છે. નીતિ આયોગના એક અભ્યાસમાં જણાવાયું છે કે દર વર્ષે આશરે ૨૦૦,૦૦૦ લોકો દૂષિત પીવાના પાણીને કારણે મૃત્યુ પામે છે. નીતિ આયોગે એ પણ શોધી કાઢ્યું છે કે દેશના ૭૦ ટકા પાણીના સ્ત્રોત દૂષિત છે.લોકો દૂષિત પીવાનું પાણી પીવા માટે મજબૂર છે કારણ કે મ્યુનિસિપલ સંસ્થાઓના અધિકારીઓ, જે જનતાનું પ્રતિનિધિત્વ કરે છે અને પીવાના પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરે છે, તેઓ તેમની ફરજોમાં બેદરકારી દાખવે છે. તેઓ સામાન્ય રીતે દૂષિત પીવાના પાણી પુરવઠા અંગેની ફરિયાદોને અવગણે છે અને અવગણે છે. આનું કારણ એ છે કે તેમને તેમની બેદરકારી માટે ક્યારેય સજાનો સામનો કરવો પડતો નથી.



# માબાપ થવું આકરું છે. -૮

- સાંજનો એક કલાક તમે તમારો વ્યવસાય કે હોદ્દો ભૂલી જઈ પિતા બની જ જાઓ.
- પિતાનું જીવન સફળ બનાવવા પિતૃત્વના ધંધાને લગતું ઘણું પરચુરણ કામ જાણી લેવું જરૂરી છે.
- બાળક ઈનામ નથી માગતું; તે માત્ર કદર અને સ્વીકાર માગે છે. પ્રેમથી બોલાવવું, હેતથી જવાબ આપવો- એ જ અમી દૃષ્ટિ છે.
- બાળકોના મન પર એવી છાપ પડવા દ્યો કે "અમારા બાપા ખરેખર બાપા છે."

ગીજુભાઈ કહે છે કે; તમે જે કોઈ વ્યવસાય કરતા હો પણ આખરે પિતા છો, તો પિતા તો બનો જ.

તમે દાકતર (ડોક્ટર) હોવાથી અત્યંત પ્રવૃત્તિશીલ રહેતા હો, તમને પાણી પીવા જેટલી પણ ફુરસદ ન મળતી હોય. સવારથી સાંજ સુધી દર્દીઓની વચ્ચે જ જીવતા હો; પરંતુ સાંજ પડતાં જ નિશ્ચિત રીતે ઘેર આવો. સાંજનો એક કલાક તમે ડોક્ટર મટી જઈ પિતા બની જ જાઓ. સાંજનો એક કલાક તમે તમારો વ્યવસાય કે હોદ્દો ભૂલી જઈ પિતા બની જ જાઓ.

દાક્તરના ધંધાની જેમ ડાહપણથી પિતૃત્વને પણ ધંધા સમાન નિયમિત અપનાવો. દાકતર તરીકે જેમ તે આપેલો સમય કદી ચૂકતા નથી, તેમ બાળકો સાથે બેસવાનો કે ફરવાનો સાંજનો સમય પણ કદી ચૂકો નહીં. દર્દીને જેમ કાળજીપૂર્વક સાચવો છો, તેમ જ બાળકોના પિતા તરીકે સફળ થવા સતત અભ્યાસ અને અનુભવ વધારો. તેવી જ રીતે બાળકોના પિતા તરીકે સફળ થવા કામનો અભ્યાસ અને અનુભવ વધારો, બેદરકારીથી દર્દી ગુમાવી દેવાશે અને ધંધાને ધક્કો લાગે, તેમ બાળકો પ્રત્યે બેદરકારી રાખાશો તો પ્રેમ ગુમાવી બેસશો અને પિતૃત્વના દરજ્જાને કલંક લાગશે.

દર સાંજે તેમો ક્યારેક છોકરાઓ સાથે ફરવા જઓ. બાગમાં જાવ ત્યારે ઝાડો અને ફૂલોના નામ બાળકોને જાતે કહી બતાવો. ક્યારેક બેન્ડ-સ્ટેન્ડ પાસે બેસી છોકરાઓને પાસે જ રાખો. ઘરની ગાડીમાં બેસાડી માત્ર છોડી દેવું તે શોભતું નથી. મિત્રો સાથે ગપસપ કરતાં બાળકોને અવગણીને બાગ જોવા મોકલી દેશો નહીં. તે સમયે ઉત્તમ પિતા બનવા ભારે કાળજી રાખો.

બીજી સાંજે એકાદ તળાવે બાળકોને લઈ જઓ. ત્યાં તેમને પાણીમાં દોડાઓ, પાણી ઉછાળવાની મજા આપો. પાણીના વહેણો, પવનથી થતી લહેરો બતાવો. સ્થિર પાણીમાં પડતા ઝાડ-ટેકરાના પ્રતિબિંબો તરફ તેમનું ધ્યાન ખેંચો. સંધ્યા સમયે આથમતો સૂર્ય ટેકરી પાછળ કે દૂર ક્ષિતિજમાં અદ્દશ્ય થતો જાય છે અને તળાવના પાણી પર કેવી રંગબેરંગી છાયાઓ પાડે છે, તે બતાવી હર્ષ પામો. કુદરતની શોભા અને સમૃદ્ધિ વચ્ચે બાળકોના અંતરમાં તેની ભવ્ય અને ગંભીર છાપ પડવા દો.

ક્યારેક બાળકોને જનસમૂહના દર્શન કરાવો. રેલવે એન્જિન પાસે ઊભા રાખી એન્જિન અને તેના સંચા બતાવો, એન્જિન કેવી રીતે ચાલે છે તે સમજાવો. ક્યારેક તમારા બાળકોને તમારા શહેરમાં આવેલ કોઈ ફેક્ટરી જોવા લઈ જાઓ. તેની કાર્ય પધ્ધતિ વિશે સમાજ આપો અથવા અપાવો. તે ભૂલી જઓ કે પોતે ડોક્ટર છો; ભલે તમો એન્જિનિયર કે ઉદ્યોગપતિ ન હો, પરંતુ પિતા જરૂર છો. પિતાનું જીવન સફળ બનાવવા પિતૃત્વના ધંધાને લગતું ઘણું પરચુરણ કામ જાણી લેવું જરૂરી છે.

છોકરાઓને પિતા પ્રત્યે ખૂબ આદર હોય છે. જે પિતા બાળકોના જીવનમાં નિત્ય નવી નવી અનુભૂતિઓ ભરે છે, તે જ સાચો પિતા લાગે છે. ઘણા બાળકોને પિતા ફોજદાર લાગે છે, કેટલાકને દાતર, ઉદ્યોગપતિ, દુકાનદાર કે વાણિયો લાગે છે; પરંતુ ભાગ્યે જ કેટલાક બાળકોને પિતા સાચે જ પિતા લાગે છે. બાળકોને પિતા પિતા લાગે તે બહુજ જરૂરી છે.

તમારા વર્તન અને વ્યવહારથી પોતાના બાળકોને જુદા-જુદા સમયે જુદા જુદા લાગો- ક્યારેક બાગવાન, ક્યારેક સુથાર કે લુહાર, ક્યારેક કવિ કે ચિત્રકાર. છતાં એકંદરે તે પિતા જ લાગો. બાળકોના મન પર એવી છાપ પડવા દ્યો કે "અમારા બાપા ખરેખર બાપા છે." તમારા બાળકોને તે ભાગ્યશાળી છે તેમ અનુભવ થવા દયો. કારણ કે તે પિતાને સાચે અનુભવે છે. અને તમે પોતે પણ સાચા પિતા બની ભાગ્યશાળી બનો.

એક જૂની વાત વર્ણવાય છે. એક રાજા ફરવા નીકળ્યો. રસ્તામાં તારસ લાગી. રસ્તે શેરડીનો વાડ આવ્યો. તે તરત અંદર ગયો. ખેડૂતે મીઠો, અમૃત સમાન શેરડીના રસનો પ્યાલો ભરી રાજાને ધર્યો. રાજાએ એક સ્વાસે પ્યાલો ખાલી કરી દીધો. ઠંડક લાગી, કાળજું ઠર્યું. રાજાએ વિવેકથી કહ્યું, "એક બીજો પ્યાલો મળી શકે?"

ખેડૂત ફરી શેરડીના વાડમાં ગયો, શેરડી કાપી પ્યાલો ભરવા લાગ્યો, પરંતુ હવે રસ જ ન નીકળે. ઘણી મહેનત પછી માંડ માંડ બે-ચાર ટીપાં પડે. રાજા ઉતાવળથી ત્યાં આવ્યો. રાજાને જોઈ ખેડૂત ગભરાઈ ગયો; શેરડી કાપે, છતાં પ્યાલો ભરાય નહીં.

ખેડૂતે કહ્યું; "આ નથી સમજાતું, આમ કેમ થાય છે."

રાજાએ કહ્યું, "આનું કારણ હું જ છું. જ્યારે મેં રસ પીધો, ત્યારે મનમાં વિચાર આવ્યો કે આ ખેડૂત કેટલો ધનવાન હશે! હવે તેની પાસેથી કર બમણો-ચોગડો લેવો જોઈએ. આ વિચાર આવતા જ મારી અમી દૃષ્ટિ બગડી; તેમાં ઝેર ભળ્યું અને અમૃત વહેવું બંધ થઈ ગયું."

પાક ખેડૂતની મહેનત, ખાતર અને પાણીથી થાય છે, પણ ખેતરના શેઢે બેઠેલો ખેડૂત જ્યારે પોતાના લીલા હરિયાળા ખેતરને જોઈ મલકાય છે, તે આનંદ આખા પાકને પોષે છે. માળી પોતાના ફૂલઝાડો સામે ઊભો રહી મીઠી નજર કરે છે; તેની દૃષ્ટિથી ફૂલો ખીલે છે, વેલીઓ પાંગરતી હોય છે.

ગાય દૂધ આપે છે, પરંતુ ગોવાળની અમી દૃષ્ટિથી દૂધ વધુ ઊભરે છે. માતા બાળકને ધવરાવે છે ત્યારે તે માત્ર દૂધ નહીં, પ્રેમનું અમૃત આપે છે. આ કાવ્ય નથી; આ માતાના હૃદયમાં વસેલા ભાવો છે.

પ્રજા રાજાની અમી દૃષ્ટિમાં વિકસે છે, ખેતર ખેડૂતની અમી દૃષ્ટિમાં, બાગ માળીની અમી દૃષ્ટિમાં અને બાળક માતા-પિતાની અમી દૃષ્ટિમાં મોટું થાય છે. અમી દૃષ્ટિ એટલે વિકાસનો અનિવાર્ય નિયમ. જ્યાં આ દૃષ્ટિ નથી, ત્યાં વિકાસ અટકે છે, સંકોચ આવે છે અને સડવું શરૂ થાય છે.

બાળકો આપણા ઉછેરેલા છોડ જેવા છે. તેઓ આપણા બનાવેલા વાતાવરણમાં અને આપણી દૃષ્ટિ હેઠળ ઉછરે છે. આપણી દૃષ્ટિ જેવી મીઠી કે કડવી હશે, તેની સીધી અસર બાળકો પર પડશે. બાળકો પણ તેવા બનશે.

બાળક ઈનામ નથી માગતું; તે માત્ર કદર અને સ્વીકાર માગે છે. પ્રેમથી બોલાવવું, હેતથી જવાબ આપવો—એ જ અમી દૃષ્ટિ છે. કડવી દૃષ્ટિ બાળકને દુ:ખ આપે છે, જ્યારે અમી દૃષ્ટિ તેને ખીલવા દે છે.

અતઃ આપણે આપણા ઘરમાં, આસપાસ અને આપણા હૃદયમાં કડવી દૃષ્ટિ દૂર કરી સર્વત્ર અમી દૃષ્ટિ પાથરીએ. તેમાં જ આપણું અને બાળકોનું સાચું, ઉષ્માભર્યું કલ્યાણ છે.

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. આ અઠવાડિયે, મોટાભાગના, તમારે તમારા ખર્ચોને રોકવાની જરૂર રહેશે. આ માટે, ઘરની ખરીદી કરતી વખતે, તમારા હાથ ખોલીને પૈસા ખર્ચવાનું ટાળો નહીં, નહીં તો ભવિષ્યમાં તમને વિશાળ આર્થિક સંકટને કારણે સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમારા બાળકના ઇનામ વિતરણ સમારોહ ના બુલાવા, તમારા અને પરિવાર માટે આનંદની લાગણી હશે. તે તમારી અપેક્ષાઓ પર જીવશે અને તમે તેના દ્વારા તેના સપના સાકાર થતા જોશો, જેથી તમારી આંખોમાં ભેજ સ્પષ્ટ દેખાશે. આ અઠવાડિયે તમારામાં ઉર્જામાં વધારો જોવા મળશે, જેના કારણે તમે ઓફિસથી ઘરે પાછા આવ્યા પછી પણ ક્ષેત્રમાં કામ કરવાનું પસંદ કરશો. જો કે, તમે આમ કરીને તમારા પરિવારને ગુસ્સો કરી શકો છો. જેમણે તુરંત જ તેમનું શિક્ષણ પૂરું કર્યું છે અને આ અઠવાડિયામાં નોકરી મેળવવાની સારી તક જોશે. વળી, જે વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવાની ઇચ્છા રાખે છે, તેમની ઇચ્છાઓ પણ આ સમયગાળા દરમિયાન પૂર્ણ થાય તેવી સંભાવના છે.કારણકે શનિ દેવ તમારા બારમા ભાવમાં હાજર હશે,રાહુ દેવ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાના કારણે તમારી અંદર ની ઉર્જા ની વૃદ્ધિ જોવામાં આવશે,જેના કારણે તમે ઓફિસ માંથી ઘર ફરીથી આવીને કાર્યક્ષેત્ર નું કામજ કરવાનું પસંદ કરશે.

**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. ભૂતકાળમાં તમારા દ્વારા કરાયેલા તમામ પ્રકારની સંપત્તિ સંબંધિત વ્યવહાર આ અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે. જેનો તમને ફાયદો થશે, સાથે જ તમે તેનાથી તમારું ભવિષ્ય સુરક્ષિત કરવામાં પણ તમે મોટા પ્રમાણમાં સફળ થશો. આ વિશિષ્ટ વ્યક્તિ કે જેની સાથે તમે ભાવનાત્મક રૂપે જોડાયેલા છો તે તમારી બેદરકારી અને અસ્પષ્ટ વર્તનને લીધે આ અઠવાડિયે તમને બળતરા કરી શકે છે. તેથી, તેમની પ્રકૃતિમાં સુધારો કરતી વખતે, તેમની સાથે સારી રીતે વર્તવું વધુ સારું રહેશે.આવી સ્થિતિમાં તમારી ટેવમાં સુધારો લાવો. આ સમય ખૂબ સારો સાબિત થશે કારણ કે આ સમય દરમિયાન, તમે કેટલાક નવા ઉત્પાદનો શરૂ કરી શકો છો. આ સાથે, તમે આ અઠવાડિયે કેટલાક નવા જોખમો લઈને તમે નિરાશ નહીં થશો, જે તમને આ સમયમાં ચોક્કસપણે લાભ કરશે. આ અઠવાડિયા દરમિયાન, તમારી રાશિમાં ઘણા શુભ ગ્રહોની હાજરી અને પ્રભાવ તમને તમારી મહેનત મુજબ પરીક્ષામાં ગુણ મેળવશે. આવી સ્થિતિમાં, સખત મહેનત કરો અને જરૂર પડે તો તમારા શિક્ષકોની મદદ પણ લો.તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં કેતુ ગ્રહ બિરાજમાન હશે અને એવા માં,કારણકે રાહુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ રાશિ ના સ્ત્રીઓ માટે, આ અઠવાડિયે એરોબિક્સ કરવાથી તેમના સ્વાસ્થ્યમાં અનુકૂળ ફેરફારો લાવવામાં મદદ મળશે. તમારે આ અઠવાડિયાની સાથે તમારા ઘરના લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બહારનું ખાવાનું ટાળવું પડશે. તેથી, તમે ઘરે વિવિધ સ્વાદિષ્ટ ખોરાક બનાવીને સ્વાદોનો આનંદ માણી શકો છો. આ અઠવાડિયે, તમારી રાશિના જાતકનું નાણાકીય જીવન સામાન્ય કરતાં વધુ સારું રહેશે. કારણ કે એક તરફ, જ્યાં અનિચ્છનીય ખર્ચ તમને થોડી મુશ્કેલી આપે છે, તો બીજી તરફ, ઘણા ા્તોમાંથી પૈસા પ્રાપ્ત થવાને કારણે, તમે આ બધા ખર્ચમાંથી છૂટકારો મેળવી શકો છો. જેના કારણે તમારા ચહેરા પર એક અલગ સ્મિત પણ આવી શકે છે, તો આ શુભ સમયનો લાભ લો. આ અઠવાડિયે, પરિવારના બાળકો અને વૃદ્ધ લોકો તેમના માટે વધુ સમય માંગી શકે છે. પરંતુ તેમની માંગને પૂર્ણ કરવામાં સંપૂર્ણપણે અસફળ સાબિત થતાં, તમે તેમને હેરાન કરી શકો છો. જો તમે હજી પણ સિંગલ છો અને લાંબા સમયથી કોઈ વિશેષની રાહ જોતા હોવ તો તમારે આ અઠવાડિયામાં થોડી વધારે રાહ જોવી પડશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયા દરમિયાન તમારું સ્વાસ્થ્ય સામાન્ય રીતે સારું રહેશે. કારણ કે ઘણા ગ્રહોની શુભ દ્રષ્ટિ તમારા સ્વાસ્થ્યને મજબુત બનાવશે અને તે જ સમયે તમને ક્રોનિક રોગોથી મુક્તિ આપશે. તેથી, આ અઠવાડિયે તમારું મન પ્રસન્ન રહેશે. આ અઠવાડિયે, આ રાશિના વતનીઓ, ખાસ કરીને સ્ત્રી વતનીઓએ કંઈપણ બોલતા અને આર્થિક વ્યવહાર કરતી વખતે વિશેષ કાળજી લેવી જરૂરી છે. કારણ કે શક્ય છે કે તમારી નિર્દોષતાને લીધે, ઘરે કોઈ તમારી પાસેથી આર્થિક સહાયની માંગ કરી શકે, અને તમે ઇચ્છો નહીં તો પણ તેનો ઇનકાર કરી શકતા નથી. આ અઠવાડિયે તમારા પ્રત્યેના તમારા પિતાનું વર્તન તમને ખૂબ જ અસ્વસ્થ કરી શકે છે. કારણ કે શક્ય છે કે તમે કહો તે કંઇક વિશે તેઓ તમને નિંદા કરશે. આવી સ્થિતિમાં, શક્ય તેટલું કૌટુંબિક શાંતિ જાળવવા, તેમની સામે પ્રતિક્રિયા આપવાનું ટાળો, નહીં તો વિવાદ વધી શકે છે. આ અઠવાડિયામાં કાર્યસ્થળ પર કામ ઓછું થવાને કારણે તમને કંટાળાને અનુભવાય છે. આવી સ્થિતિમાં, તમારા મફત સમયનો ઉપયોગ કરીને, તમે તમારા બધા કાર્યોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી શકો છો જે ભૂતકાળમાં પૂર્ણ થયા ન હતા.

**સિંહ - (મ, ટ) :-** તમારા ઘરના જીવનસાથીનું નબળું સ્વાસ્થ્ય એ તમારા તાણ અને ચિંતાનું મુખ્ય કારણ હશે. આને કારણે, તમારું મન કોઈ પણ કાર્યમાં ઓછું લાગશે અને તમે કાર્યસ્થળથી ઝડપી રજા લઈને ઘરે જવા માટે બેચેન દેખાઈ શકો છો. તમને આ અઠવાડિયે પૈસા મળશે, પરંતુ તમે તમારા મનોરંજન પાછળ વધુ પૈસા ખર્ચતા જોશો. જેના કારણે તમારા હાથમાંથી પૈસા છૂટી જશે, જ્યારે તમને કોઈ ખ્યાલ આવે, તો સંભવ છે કે તે મોડું થશે. તેથી તમારા માટે આ સમયે તમારા નાણાં બચાવવા સૌથી મહત્વપૂર્ણ રહેશે. આ અઠવાડિયે, જ્યારે પણ તમને જરૂર પડે ત્યારે એકલતાની અનુભૂતિ થાય છે, ત્યારે તમારા માતાપિતા તમને આશીર્વાદ આપતી વખતે તમારું મનોબળ વધારવાનું કામ કરશે. આ તમારા કૌટુંબિક જીવનને સરળ રીતે ચલાવશે.આ અઠવાડિયે ઓફિસમાં તમે કંઈક શોધી શકો છો જે તમે હંમેશા કરવા માંગતા હતા. પરંતુ ઉતાવળ અને ઉત્સાહમાં, સંવેદના ગુમાવવાનું ટાળો અને કોઈ પણ બેદરકારી વિના તે કાર્ય અકાળે પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. જે નોકરી ધંધામાં કોઈ પણ કારણોસર હજી સુધી પગાર લેવામાં આવ્યો ન હતો, તેઓ આ અઠવાડિયામાં ધનના અભાવને કારણે ખૂબ જ પરેશાન થઈ શકે છે. આ માટે, શક્ય છે કે તેઓએ તેમની અને તેમના પરિવારની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે બેંક અથવા અન્ય સંસ્થા પાસેથી ઊંચા દરે લોન લેવી પડશે. આજુબાજુના લોકો, ખાસ કરીને પરિવારના સભ્યોના વર્તનથી તમે આ અઠવાડિયે થોડું પરેશાન થશો. આનાથી તમારું માનસિક તાણ પણ વધશે, સાથે જ તમે તેમની સાથે વિવાદ પણ કરી શકો છો.તમને આ અઠવાડિયે તમારી કારકિર્દીમાં ઇચ્છિત પરિણામો મળવાની દરેક આશા છે. પરંતુ આ માટે તમારે તમારી રચનાત્મક ક્ષમતામાં વધારો કરવાની જરૂર પડશે. આ અઠવાડિયે ભગવાનનું જ્ઞાન ઘણા વિદ્યાર્થીઓને સખત મહેનતનું ફળ આપીને સફળતા પ્રાપ્ત કરવાનું કામ કરશે. તે જ સમયે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પણ નસીબ મેળવશે. વિવાહિત લોકો માટે આ સપ્તાહ અનુકૂળ રહેશે.કેતુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના બારમા ભાવમાં સ્થિત હશે અને એના પરિણામસ્વરૂપ,રાહુ ગ્રહ નું તમારી ચંદ્ર રાશિના છઠા ભાવમાં બિરાજમાન હોવાના કારણે કારકિર્દી માં તમને,મનપસંદ ફળ મળવાની પુરી ઉમ્મીદ છે.

**તુલા - (ર, ત) :-** આ સપ્તાહ સ્વાસ્થ્ય માટે સારો છે, પરંતુ કોઈ પણ બાબતમાં વધારે વિચાર કરવો તમને માનસિક તાણ આપી શકે છે. તેથી, તમે આ ટેવમાં કંઈક સુધારવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અઠવાડિયાના અંત સુધીમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે તમારે જમીન, સ્થાવર મિલકત અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કારણ કે આ સમય આ યોજનાઓમાં રોકાણ માટે શ્રેષ્ઠ સંયોજન બનાવી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ તકોને તમારા હાથથી ન જવા દો, તેનો શ્રેષ્ઠ લાભ લો. જો તમે અથવા ઘરના કોઈ સભ્ય વિદેશમાં સ્થાયી થવા તૈયાર છે અને આ માટે કુંડળીમાં યોગ પણ હાજર છે, તો તમને આ અઠવાડિયામાં આ કાર્યમાં સંપૂર્ણ સફળતા મળી શકે છે. કારણ કે આ સમયગાળા દરમિયાન, ખાસ અનુકૂળ યોગો જોવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો તમે સામાન્ય કરતાં વધુ પ્રયાસ કરો છો, તો પછી વિદેશ સ્થાયી થવાનું આ સ્વપ્ન પૂર્ણ થઈ શકે છે. તમારી કરિયર ની કુંડળી મુજબ આ રાશિના વેપારીઓ આખા અઠવાડિયામાં અંધાધૂંધીથી છૂટકારો મેળવીને પ્રશંસા અને પ્રગતિ પ્રાપ્ત કરશે કારણ કે આ સમય તમને ભાગ્યનો સાથ આપશે, જેના કારણે તમે ઓછી મહેનત પછી પણ શુભ પરિણામ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. કૌટુંબિક ફેરફારો તમને તમારા ડ્રેસ અથવા દેખાવમાં તમારા ફેરફારોથી ગુસ્સો કરી શકે છે. આને ધ્યાનમાં લીધા વિના, તમારું ધ્યાનમાં વાત કરવામાં વ્યસ્ત દેખાશે, જેની આડઅસર તમારી છબીને બગાડે છે. તમે હંમેશાં તમારા મિત્રોની જરૂરિયાત કરતા વધારે કરતા જોશો.આ સપ્તાહ, તમે કારકિર્દીની ગતિ મેળવવા કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિને અપનાવવાનું ટાળશો નહીં, પરંતુ આવું કરવાથી તમને થોડો સમય સંતોષ મળશે, પરંતુ ભવિષ્યમાં તમે તમારી જાતને કોઈ મોટી મુશ્કેલીમાં જોશો. તેથી કોઈ પણ ખોટી ક્રિયાઓ કરવાનું ટાળો. તમારી સાપ્તાહિક કુંડળી સૂચવે છે કે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય ખાસ સારો રહેશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયે તમારા મગજમાં નકારાત્મક વિચારો પ્રભાવિત થશે. જેના કારણે ભલે તમારું કંઈક સારું થાય, તો પણ તમે તેને નકારાત્મક દૃષ્ટિકોણથી જોશો. પરિણામે, તમે તમારી જાતને ઘણી સારી અને લાભકારક તકોથી વંચિત કરી શકો છો. તેથી, તમારા સ્વભાવમાં સુધારો. આ માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો પણ લઈ શકો છો. આર્થિક દ્રષ્ટિએ, આ અઠવાડિયા તમારી રાશિના લોકો માટે ખૂબ જ શુભ ફળદાયી બનશે. આવી સ્થિતિમાં, તમારા પ્રયત્નોને થોડુંક ઘટવા ન દો, કારણ કે ગ્રહ ગ્રહણકારી સ્થિતિ તમને આ સમયે તમારી સંપત્તિમાં વધારો કરવાની શ્રેષ્ઠ તક પ્રદાન કરી શકે છે. આ અઠવાડિયામાં દારૂ જેવી નશીલી ચીજોનું સેવન કરવાથી તમારા પારિવારિક શાંતિમાં ખલેલ પડી શકે છે. તેથી, ઘરમાં શાંતિ જાળવવા માટે, તમામ પ્રકારની ખરાબ ટેવોમાં સુધારો કરો, નહીં તો તમારા ઘરના સભ્યો સાથેના સંબંધ પર ખરાબ અસર દેખાશે. જો કે, આ માટે તમે ઓછા પ્રયત્નો કર્યા પછી પણ સફળતા મેળવી શકશો. તમારા સાહેબના ખરાબ મૂડને લીધે, તમને તેની સાથે આ વિશે વાત કરવાની તક મળી, આ અઠવાડિયે તમને તે તક મળશે. કારણ કે આ સમય દરમિયાન તેનો સારો મૂડ આખા ઓફિસનું વાતાવરણ સારો કરશે. જેના કારણે હવે તમે તેમની સાથે ખુલ્લેઆમ વાત કરતા અને તેમની સાથે વાતચીત કરતા પણ જોશો.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે, તમે ઘણી હદ સુધી સ્વસ્થ અનુભવો છો. કારણ કે આ દરમિયાન, તમે તમારા કુટુંબ અને ક્ષેત્રમાં યોગ્ય સંતુલન જાળવવામાં અને તે દરમિયાન તમારા સ્વાસ્થ્યને જાળવવામાં સફળ થશો. આ અઠવાડિયે, તમારે તમારા બધા રોકાણો અને તેની સાથે સંબંધિત તમામ ભાવિ યોજનાઓને ગુપ્ત રાખવાની જરૂર રહેશે. નહિંતર, તમારી નજીકનું કોઈ પણ વ્યક્તિ આ યોજનાઓનો લાભ લઈ શકે છે અને તમને પૈસા આપી શકે છે. જો તમારા સંબંધીઓ સાથે કોઈ જમીન અથવા સંપત્તિને લગતા તમને વિવાદ થઈ રહ્યો છે, તો આ અઠવાડિયામાં તમે તે જમીનને મળવાથી પારિવારિક વાતાવરણમાં ખુશીની લહેર જોવા મળશે. આવી સ્થિતિમાં, તમે કોઈ ધાર્મિક સ્થળે જઇને પ્રાર્થના કરી અને પ્રાર્થના કરી શકો છો. આ અઠવાડિયે, તમે થોડી સુસ્તી અનુભવી શકો છો અથવા પીડિત-સંકુલનો ભોગ બની શકો છો, પરંતુ આ હોવા છતાં, તમે જે કંઈ કરો છો તેના માટે વખાણ કરવા માટે પણ આતુર છો. જેના કારણે તમને કારકિર્દીમાં આગળ વધવાની કોઈ શુભ તક મળવાની યોગ મળશે. આ અઠવાડિયે, ઉચ્ચ શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ તેમના મનમાં બિનજરૂરી રીતે શંકા પેદા કરવાનું ટાળશે. કારણ કે આ કરવાથી, તમારા અભ્યાસ વિશે તમારા મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સમાધાન કરવું વધુ સારું છે, અને જો જરૂરી હોય તો, વ્યવસાયિક અભ્યાસક્રમમાં જોડાઈને તમારી લાયકાત વધારવી જોઈએ.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે, મીઠી વસ્તુઓ ખાવાની ઇચ્છા તમારા મગજમાં જાગૃત થઈ શકે છે. જેને તમે પૂર્ણ કરતા પણ જોશો. પરંતુ આ સમય દરમિયાન, તમારે ભૂલવું ન જોઈએ કે તમારી ઇચ્છા તમને લાંબા ગાળાની ડાયાબિટીઝ અથવા વજન વધારવાની સમસ્યા આપી શકે છે. આ અઠવાડિયે, યોગ ચાલુ છે કે તમારું કોઈપણ ઉપકરણ અથવા ઇલેક્ટ્રોનિક માલ અથવા કોઈપણ પ્રકારનું ગેજેટ ખરાબ થઈ શકે છે. જેના પર તમારે તમારી નાણાકીય યોજના કરતા પણ વધારે ખર્ચ કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ તમારા સામાનની સંભાળ રાખવી તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે તમારા મિત્ર અથવા નજીકના મિત્ર તમારી વાતો અથવા સૂચનોને વધારે મહત્વ આપશે નહીં. જેના કારણે, મિત્રો સાથે કંઈક કરતી વખતે, તમારી રુચિ અવગણશે. તમને આમાંથી માનસિક તણાવ પણ થવાની અપેક્ષા છે.આ અઠવાડિયે ઓફિસમાં તમને મરજીથી સારા પરિણામ મળશે નહીં. કારણ કે શક્ય છે કે તમારી નજીકના કોઈને તમારા ફાયદા માટે દગો આપી શકે. જેના કારણે તમને થોડી સમસ્યાઓ થશે. જો તમારી કારકિર્દીની પસંદગી આ અઠવાડિયામાં તમારે દ્વારા થવાની છે, તો તમારે કોઈ પણ પ્રકારના દબાણમાં આવવું અને તેનાથી સંબંધિત કોઈપણ નિર્ણય લેવાનું ટાળવું પડશે. તેથી કોઈ પણ નિર્ણય ન લો કે જેના વિશે તમારું મન અને તમારું હૃદય સહમત ન હોય.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયામાં તમને કામની સાથે સાથે તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે થોડો સમય લેવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે વધુ સારો લાગે છે. આ સાથે, આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર વર્કલોડ વધી શકે છે. પરંતુ તમે આ ક્ષેત્રના દબાણને તમારા મગજમાં દબાવવા નહીં દે. તમે આ અઠવાડિયે તમારા માતા પિતાના સ્વાસ્થ્ય માટે જેટલુ ખર્ચ કરી રહ્યા છો તે આવકનો મોટો જથ્થો એકત્રિત કરી શકશો. કારણ કે તમારા માતા પિતાની તબિયત લથડશે, જેથી તમે તમારા પૈસા પણ બચાવી શકશો. તેથી શરૂઆતથી જ તેમની સારી સંભાળ રાખો. આ અઠવાડિયે, કૌટુંબિક મુદ્દાઓને લગતા તમારા સ્વાર્થી ચુકાદાથી પરિવારના સભ્યો તમારી વિરુદ્ધ થઈ શકે છે. તેથી, તમારા માટે તે વધુ સારું રહેશે કે, કુટુંબ સાથે સંબંધિત કોઈપણ નિર્ણય લેતી વખતે, ઘરના સભ્યો સાથે વાત કરવાની ખાતરી કરો અને તેમના વિચારોને પણ મહત્વપૂર્ણ મહત્વ આપશો.આ અઠવાડિયે, આ રાશિના જાતકોના વતનીઓ ક્ષેત્રમાં તેમની પ્રતિભાનો ઉપયોગ કરી શકશે નહીં. જેના કારણે તમારે કારકિર્દીમાં આગળ વધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ સમયે, વિદ્યાર્થીઓને ઘણી સફળતા મળશે. ઉપરાંત, ઘણા શુભ ગ્રહોનો પ્રભાવ તમને સારા પરિણામ આપવા માટે પણ કામ કરશે.

# બોલિવૂડના એક્ટર્સને લોકો અભણ માને છે : સુનિલ શેટ્ટી




## સુનિલ શેટ્ટી દિકરા અહાન શેટ્ટીએ તડપ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું, જેમાં તેની સાથે તારા સુતારિયા હતી

મુંબઈ,

જે લોકો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારોને અભણ સમજે છે એવા લોકોનો સુનીલ શેટ્ટીએ ખુલ્લેઆમ ઉધડો લીધો છે. સુનિલ શેટ્ટીએ કહ્યું કે આજે પણ લોકો એવું માને છે કે બોલિવૂડના કલાકારોને કંઈ જ ખબર પડતી નથી. જે સંપૂર્ણપણે ખોટું છે. સાથે જ તેમણે ઉદ્યોગમાં નિષ્ફળતાને કેવી રીતે ઉજવવામાં આવે છે, તે મુદ્દે પણ વાત કરી હતી.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સુનીલ શેટ્ટીએ પોતાના પુત્ર અહાન શેટ્ટીની પહેલી ફિલ્મ બોક્સ ઑફિસ પર નિષ્ફળ જવાના અનુભવની વાત કરી હતી, તેમજ નેપોટિઝમ મુદ્દે ટીકાનો સામનો કરવો પડ્યો તે વિશે પણ વાત કરી હતી. સુનિલે જણાવ્યું, ‘‘આપણે હંમેશા ઈચ્છીએ છીએ કે આપણા બાળકો ખુશ રહે અને હું અહીં સફળતાની વાત નથી કરતો. મને ઈન્ડસ્ટ્રીમાં નિષ્ફળતાનો ડર છે, સફળતાનો નહીં. અન્ય ક્ષેત્રોમાં તમે નિષ્ફળ જાઓ તો ફરી ઊભા થઈને આગળ વધો છો. અહીં જ્યારે તમે નિષ્ફળ જાઓ છો, ત્યારે આખી દુનિયા તમને જુએ છે અને તમને એવો અહેસાસ કરાવે છે કે તમે કશું નથી.

# ચહલ અને આરજે મહવશની મિત્રતા વચ્ચે તિરાડના સંકેત



મુંબઈ,

અભિનેત્રી RJ મહવશ છેલ્લા કેટલાક દિવસોથી ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથેના તેના રૂમર્ડ રિલેશનશિપ કારણે હેડલાઈન્સમાં છે. ચહલે તેની પત્ની ધનશ્રી વર્માને છૂટાછેડા આપી દીધા. આ પછી, RJ મહવશ સાથેની તેની મિત્રતા ઘણીવાર ગાઢ બનતી જોવા મળી છે. બંનેના પ્રેમ સંબંધોની અફવાઓ પણ સામે આવી છે. ચાહકોએ તેમના ડેટિંગ વિશે અનુમાન લગાવ્યું. RJ મહવશે પણ ચહલને પોતાનો સારો મિત્ર બતાવ્યો છે અને ઈન્ટરવ્યુમાં ઘણી વખત તેની પ્રશંસા કરી છે.

# સોની સબના પુષ્પા ઇમ્પોસિબલમાં ટિટલીના સાચા માતા-પિતાને શોધવા માટે પુષ્પાની તીવ્ર સફર



મુંબઈ,

જાન્યુઆરી ૨૦૨૬: સોની સબનું પુષ્પા ઈમ્પોસિબલ દર્શકોના હૃદયને સ્પર્શી રહ્યું છે, કારણ કે પુષ્પા (કરણા પાંડે) પોતાના પ્રવાસના સૌથી કઠિન તબક્કાનો સામનો કરી રહી છે. એક સમર્પિત ગૃહિણીથી લઈને એક દૃઢ વકીલ સુધી, પુષ્પાએ હંમેશા જીવનની પડકારો સામે મજબૂત રીતે ઊભી રહી છે. હવે, જ્યારે તે ટિટલીના સાચા માતા-પિતાની સત્યતા બહાર લાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે પુષ્પા પોતાને વધતા જોખમ અને પોતાના મૂલ્યો વચ્ચે ફસાઈ ગયેલી અનુભવે છે, અને ભય કે અનિશ્ચિતતાને પોતાના સંકલ્પને હલાવવાની મંજૂરી આપતી નથી.

આગામી એપિસોડ્સમાં, પુષ્પા (કરણા પાંડે) ટિટલી (ભૂમિ રામોલા)ના સાચા માતા-પિતાની શોધને વધુ તીવ્ર બનાવે છે, તેની ઓળખ પાછળનું સત્ય જાણવા માટે દૃઢ સંકલ્પિત છે. પુષ્પા અને દિલીપ (જયેશ મોરે) હોસ્પિટલના રેકોર્ડ્સ તપાસે છે અને ટિટલીના માતા-પિતાની ઓળખ સુધી પહોંચવાના અત્યંત નજીક આવે છે, પરંતુ તેમની વહુ પ્રાર્થના (પૂજા કાતુરડે) પાસેથી ખબર પડે છે કે તેઓ હવે જીવતા નથી.

દરેક સૂત્ર દુઃખદ અંત તરફ દોરી જાય છે, અને પુષ્પાને સમજાય છે કે ટિટલીનો ભૂતકાળ બહાર લાવવો કદાચ તેની કલ્પના કરતાં વધુ જોખમી હોઈ શકે છે.

સત્ય અને જોખમ વચ્ચે ફસાઈ ગયેલી પુષ્પા, શું સમય પહેલાં ટિટલી વિશેનું સત્ય શોધી શકશે?

ચાલતા ટ્રેક વિશે વાત કરતાં કરણા પાંડે, જે પુષ્પાની ભૂમિકા ભજવી રહી છે, શેર કરે છે ‘‘ક્યારેક તમારા પાસે બધા જવાબ નથી હોતા, પરંતુ તમને ખબર હોય છે કે તમે અટકી શકતા નથી. પુષ્પા એ બિંદુએ છે જ્યાં ટિટલીના માતા-પિતાની શોધનું દરેક પગલું વધુ પ્રશ્નો ઉભા કરે છે, છતાં તે આગળ વધવાનું પસંદ કરે છે. આ એક શાંત પ્રકારની શક્તિ છે તમારા આંતરિક અવાજનું અનુસરણ કરવું, ભયનો સામનો કરવો અને સત્ય ભારરૂપ લાગતું હોવા છતાં શોધ ચાલુ રાખવી.’’

જુઓ પુષ્પા ઈમ્પોસિબલ, દર સોમવારથી શનિવાર રાત્રે ૯:૩૦ વાગ્યે, ફક્ત સોની સબ પર.



# નેગેટિવ PRથી કલાકારોની માનસિક સ્થિતિને અસર થાય છે : નિધિ

## તાજેતરમાં, મારી વિરુદ્ધ પણ એક-બે નેગેટિવ કેમ્પેઈન શરૂ થયાં હતાં, પરંતુ અમે તેને તરત જ બંધ કરાવી દીધાં

મુંબઈ,

છેલ્લાં કેટલાંક સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેગેટીવ પીઆર ચર્ચાનો મુદ્દો છે. કેટલાંક વખત પહેલાં તાપસી પન્નુએ પણ આ મુદ્દે વાત કરી હતી. ધુરંધર ફિલ્મ પહેલાં યામી ગૌતમે પણ નેગેટિવ પીઆરનો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે રાજાસાબની હિરોઈન નિધિ અગ્રવાલે પણ આ મુદ્દે વાત કરી છે. તેણે નેગેટિવ પીઆર કઈ રીતે સ્ટાર્સની માનસિક સ્થિતિ પર અસર કરે છે અને તે આ સ્થિતિનો સામનો કઈ રીતે કરે છે, તે અંગે વાત કરી હતી.નિધિ ગ્રવાલે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેગેટિવ ઈ અને પેઈડ ઑનલાઈન કેમ્પેઈન્સનાં વધતા ટ્રેન્ડની આકરી ટીકા કરી છે. નિધિએ તેને નુકસાનકારક અને કલાકારો માટે અત્યંત અયોગ્ય ગણાવ્યું છે. નિધિએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ઘણી વખત ખરી પ્રતિભાને પ્રોત્સાહન આપવાને બદલે લોકોને નીચે પાડવા માટે પૈસા ખર્ચવામાં આવે છે.નિધિએ એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન, ખુલાસો કર્યો કે તેને પણ નેગેટિવ ઈનો સામનો કરવો પડ્યો હતો. નિધિએ જણાવ્યું, ‘‘એટલું બધું નેગેટિવ ઈ ચાલે છે! બૂક માય શો રેટિંગ્સ અને આઈએમડીબી રેટિંગ્સ જેવી બાબતોમાં પણ ઘણા લોકો નેગેટિવ એટેક કરે છે. પેઈડ રિવ્યુઝનો એક ખાસ વર્ગ છે. લોકો બીજાને નીચે ખેંચવા માટે ઘણો પૈસો ચૂકવે છે અને ક્યારેક મને લાગે છે કે લોકો પોતાને ઊંચા ઉઠાવવા કરતાં બીજાને નીચે પાડવા માટે વધુ પૈસા ખર્ચે છે. તાજેતરમાં, મારી વિરુદ્ધ પણ એક-બે નેગેટિવ કેમ્પેઈન શરૂ થયાં હતાં, પરંતુ અમે તેને તરત જ બંધ કરાવી દીધાં. કારણ કે મને થયું કે, યાર, હું મારી રીતે સારું કામ કરીને યોગ્ય દિશામાં આગળ વધી રહી છું. પરંતુ જો તમે કંઈ નેગેટિવ કરો, તો હું પણ તેનો યોગ્ય જવાબ આપીશ.’’તેણે વરુણ ધવન અને કાર્તિક આર્યન વિરુદ્ધ તાજેતરમાં થયેલાં નેગેટિવ પીઆર એટેક્સ વિશે પણ વાત કરી અને કહ્યું, ‘‘આ બહુ જ ખરાબ બાબત છે. લોકો આ માટે ઘણો પૈસો ચૂકવે છે, મને લાગે છે કે આ ભયાનક છે. કારણ કે કલાકારો ખૂબ જ સંવેદનશીલ અને લાગણીશીલ હોય છે.

# આમિર ખાને નવી ગર્લફ્રેન્ડ અંગે કર્યો મોટો ખુલાસો

## રીના દત્તા સાથે છૂટાછેડા લીધા બાદ ૨૦૦૫માં આમિર ખાને કિરણ રાવ સાથે લગ્ન કર્યા હતા

મુંબઈ,

વર્ષ ૨૦૨૫માં પરફેક્ટનિસ્ટ ગણતો અભિનેતા આમિર ખાન ૬૦ વર્ષનો થયો હતો. પોતાના ૬૦માં બર્થ ડે પર આમિર ખાને તેની નવી ગર્લફ્રેન્ડને ઈન્ટ્રોડ્યુસ કરી હતી. જેનું નામ ગૌરી છે. આ ક્ષણે આમિર ખાને કહ્યું હતું કે, ‘‘અમે એક્સિડન્ટલી મળ્યા હતા. ટચમાં રહ્યા હતા અને આ આપમેળે થઈ ગયું.’’ આમિર ખાનની નવી ગર્લફ્રેન્ડ સામે આવ્યા બાદ તેઓ લગ્ન ક્યારે કરશે, એવી ચર્ચા શરૂ થઈ હતી. ત્યારે હવે આમિર ખાને ગૌરી સાથેના લગ્ન અંગે મહત્ત્વની વાત કરી છે. મીડિયા સાથે વાત કરતા આમિર ખાને જણાવ્યું કે, ‘‘એકબીજાને લઈને ગૌરી અને હું ઘણા સીરિયસ છીએ. અમે એકમેક માટે કમિટેડ છીએ. અમે પાર્ટનર છીએ. અમે સાથે છીએ.



# અનન્યા પાંડેના લગ્નની તૈયારી : માતા ભાવના પાંડેએ પુત્રીના ભવ્ય લગ્નની યોજનાઓ જાહેર કરી

મુંબઈ,

અનન્યા પાંડે હાલમાં તેની આગામી ફિલ્મ ’ચાંદ મેરા દિન’ માટે સમાચારમાં છે. તેના કામની સાથે, તેનું અંગત જીવન પણ ચર્ચાનો વિષય છે. ખાસ કરીને, તેના લગ્ન વિશેના સમાચાર ચાહકોને ખૂબ જ ઉત્સુક રાખે છે.

તાજેતરમાં, અનન્યાની માતા ભાવનાએ પુત્રીના લગ્નની યોજનાઓ જાહેર કરી. અનન્યાના માતાપિતા, ચંકી પાંડે ભાવના પાંડે, તાજેતરમાં એક (માસ્ટરશેફ ઇન્ડિયા) માં તેઓએ તેમના પરિવાર, પુત્રીઓ, અનન્યા અને વાત કરી. જ્યારે તેમને અનન્યાના લગ્નમાં શું ભાવનાએ ખચકાટ કે લગ્નનું મેનુ ભવ્ય

તેમની અ ન રસોઈ શો દેખાયા હતા. ત્યાં, લગ્ન અને તેમની રાયસા વિશે સ્પષ્ટપણે પૂછવામાં આવ્યું કે તેઓ ખાવા માંગે છે, ત્યારે વિના કહ્યું. તેણીએ કહ્યું

હશે, જેમાં શાકાહારી અને માંસાહારી બંને પ્રકારની વાનગીઓની વિશાળ વિવિધતા હશે. તેણીના કેટલાક મનપસંદમાં મટન કરી, ભારતીય શૈલીની તિરામિસુ, લસણનું અથાણું અને જાંબલી પરાઠાનો સમાવેશ થાય છે. આનાથી બધા હસી પડ્યા.

અનન્યાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે એક નહીં પણ બે લગ્ન ઈચ્છે છે. પહેલું લગ્ન ઉદયપુરમાં ભવ્ય હશે, જે ફિલ્મ "યે જવાની હૈ દીવાની" માં દર્શાવવામાં આવેલા લગ્ન જેવું જ હશે. મિત્રો, પરિવાર અને ફિલ્મ ઉદ્યોગના સભ્યો હાજરી આપશે. બીજા લગ્ન ખૂબ જ ખાનગી હશે, એક અઠવાડિયા પછી બહામાસ અથવા માલદીવના સુંદર બીચ પર થશે. ફક્ત ખૂબ જ નજીકના લોકો જ હાજર રહેશે.

અનન્યાએ તાજેતરમાં કાર્તિક આર્યન સાથે ફિલ્મ "તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી" માં અભિનય કર્યો હતો. તેની આગામી ફિલ્મ "ચાંદ મેરા દિલ" હશે, જે લક્ષ્ય સાથેની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે. આ ફિલ્મ ૨૦૨૬ માં રિલીઝ થશે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્ઞા | ન | ત | ગુ | તા | પ | સ | ક | ગ | શિ | ણ | મા |
| ણે | બ | ક | લા | ર | ગ | ઈ | ઝ | ક્ષ | બૂ | બ | વિ |
| ક | કા | બા | મ | મા | શ | લ | ક | ચ | જ્ઞા | દ | ળો |
| ળ | ક | હા | ક | રા | આ | કા | ગુ | ગી | ક | ઊ | ઈ |
| ચ | મ | ચી | દ | કા | લ | ર | અ | મા | સ | ચા | રી |
| ગી | આ | મા | ગુ | મ | ના | મ | ણ | સ | ન | ર | ર |
| બા | કા | શ | સા | ક | ઇ | બ | ડ | દ | ભ | ન | જી |
| હા | સા | લ | ચા | ગ | ર | વિ | ઊ | મ | ળ | આ | લ |
| પ્રા | ક | શ | દ | લ | ળ | ડ | મ | રી | રો | વા | લ |
| સા | ઉ | ઉ | આ | ભો | ળો | ગી | ક્ષ | મા | ર | ર | લ |
| ગ | ધ | ર | ઔ | કા | ઉ | મા | પ્ર | જ્ઞા | પ્રા | ક | ણ |
| પ્રા | ગ | દ | ળ | સા | મા | કા | ન | ગ | ળો | શિ | દ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્ચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# અનુષ્કા શર્માએ પોતાને રાની મુખર્જીની ચાહક ગણાવી 'મર્દાની ૩'માં અભિનેત્રીના કામની પ્રશંસા કરી



મુંબઈ,

’મર્દાની ૩’ ટ્રેલર રિલીઝ થયા પછી, અનુષ્કા શર્મા રાની મુખર્જીની પ્રશંસા કરતી સેલિબ્રિટીઓની યાદીમાં જોડાઈ ગઈ છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર ફિલ્મ માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો. અનુષ્કાએ કહ્યું કે તેણી હંમેશા રાનીના કામની પ્રશંસા કરી છે અને તેણીને ફરી એકવાર સ્ક્રીન પર આગ લગાવતી જોવા માટે ઉત્સાહિત છે. "મર્દાની ૩", જે ૩૦ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે, તે આ વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક છે.

અનુષ્કા શર્માએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર ટ્રેલર શેર કર્યું અને લખ્યું, "અભિનંદન રાની, મેં હંમેશા તમારા કામ અને તમારા દરેક કાર્યમાં તમારી કૃપાની પ્રશંસા કરી છે. તમારા માટે શું સ્ટોર છે તે જોવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. એટલા માટે હું તમારી ચાહક છું." સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ પણ અભિનેત્રીની પ્રશંસા કરી. દર્શકો આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેણે પહેલાથી જ જબરદસ્ત ચર્ચા જગાવી છે.

રાની મુખર્જીની શક્તિશાળી કોપ ફ્રેન્ચાઇઝ, મર્દાનીના નિર્માતાઓએ તેના ત્રીજા ભાગનું ટ્રેલર રિલીઝ કર્યું છે, જેમાં અભિનેત્રી નિર્ભય અને નીડર આઈપીએસ અધિકારી શિવાની શિવાજી રોય તરીકે પરત ફરે છે. ફ્રેન્ચાઇઝની સ્પષ્ટ શૈલીને જાળવી રાખીને, ’મર્દાની ૩’ વધુ એક ખલેલ પહોંચાડતા સામાજિક મુદ્દા સાથે પરત ફરી રહી છે. આ વખતે, શિવાની રાષ્ટ્રીય તપાસ એજન્સી માં જોડાય છે અને બે યુવતીઓના અપહરણ સાથે સંકળાયેલા એક ભયાનક કેસની જવાબદારી સંભાળે છે.

# રાજકોટ મનપા દ્વારા બાકીદારોને જાહેરમાં વેરો ભરવા તાકીદ: હોર્ડિંગ્સ લગાવ્યા

## વેરા વિભાગે ૧૧૧૭૧ આસામીઓને જપ્તીની નોટિસ ફટકાર્યા બાદ લગાવી છેલ્લી ચેતવણી આપી




રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા વાર્ષિક લક્ષ્યાંક પૂર્ણ કરવામાં હવે બે માસનો સમય હોય બાકીદારો વિરૂધ્ધ કડક કાર્યવાહીની સાથોસાથ વેરો ન ભરપાઇ કરનાર આસામીઓને શહેરમાં હોર્ડિંગ્સ બોર્ડસ લગાવી જાહેરમાં ધમકી આપી હોય તેમ વેર ભરપાઇ નહીં થાય તો નળ કનેકશન કપાઇ જશે તેવી ચેતવણી ઉચારી બાકીદારોને ઢંઢોળવાનો પ્રયાસ ફરી વખત કરવામાં આવ્યો છે અને સાથોસાથ ૧૧૧૭૧ આસામીઓને સીલીંગ અને જપ્તી સહિતની નોટિસ ફટકારી આગામી દિવસોમાં તેમની વિરૂધ્ધ પગલા લેવામાં આવશે. તેમ જણાવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા મિલકત વેરાનો ચાલુ વર્ષનો રૂા.૪૫૪ કરોડનો લક્ષ્યાંક પૂર્ણ કરવા બાકી દારો વિરૂધ્ધ કડક કાર્યવાહી શરૂ કરી છે. ગત વર્ષની તુલનાએ આ વર્ષે ૧ લાખથી વધુ જૂના બાકી દારોને નોટિસ આપવાનુ પ્રારંભ કરી અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ રકમ બાકી હોય તેવા ૧૧૧૭૧ આસામીઓને રૂબરૂ નોટીસ આપી સમય મર્યાદામાં વેરો ભરપાઇ કરવાની સૂચના આપી છે. જે પૈકી ૬૬૫ બાકી દારોને મિલકત જપ્તી અંગે નોટીસ ફટકારવામાં આવી હોવાનું અને બાકીદારોના નામ વેબસાઇટ ઉપર મુકી જાહેરમાં બોર્ડ ઉપર છેલી ચેતવણી આપવામાં આવી છે.

મનપાના વેરા વિભાગ દ્વારા વર્ષના પ્રારંભે વળતર યોજના અતર્ગત બે લાખથી વધુ પ્રમાણિક કરદાઓ પાસેથી વેરા વસુલાત કરી છે. ત્યાર બાદ બાકી રહી ગયેલા ૩૦ હજારથી વધુ કરદાતાઓએ વેરો ભરપાઇ કરતા મનપાની આજ સુધીની આવક રૂા.૩૦૦ કરોડને પાર થઇ ગઇ છે. મનપાની હદમાં આવતી અંદાજે ૫.૩૦ લાખ મિલકતો પૈકી અડધોઅડધ મિલકત ધારકોનો વેરો બાકી હોય વેરા વિભાગે પોસ્ટ મારફતે બિલ-કમ-ડિમાન્ડ નોટીસ પાઠવ્યા બાદ હવે મિલકત જપ્તી તેમજ સીલીંગ સહિતની કામગીરી હાથ ધરવા બાકી દારોનુ લીસ્ટ તૈયાર કરી તમામને ઘરે જઇને નોટીસની બજવણી કરવામાં આવી છે. ત્રણેયઝોનના ૧૮ વોર્ડમાં આવેલ કોમર્શિયલ અને રહેણાંકની મિલકતો કે, જેમનો રૂા.૫૦ હજારથી વધુ વેરો બાકી હોય તેવા ૧૧૧૭૧ મિલકત ધારકોને નોટીસ આપવામાં આવી છે. તેવી જ રીતે અગાઉ ડિમાન્ડ નોટીસ અપાઇ ચૂકી હોય અને આજસુધી વેરો ભરપાઇ ન કર્યો હોય તેવા ૬૬૫ મિલકત ધારકોને જપ્તીની નોટીસ આપવામાં આવી છે. ચાલુ વર્ષ દરમિયાન અલગ અલગ વિસ્તારમાં આવેલ કોમર્શિયલ સહિતની ૨૦૭ મિલકતો સીલ કરવામાં આવી છે. જે પૈકી અમૂક મિલકત ધારકોએ રકમ ભરપાઇ કરતા ૪૦થી વધુ મિલકતોના સીલ ખોલવામાં આવ્યા હોવાનુ જાણવા મળેલ છે.

મહાનગરપાલિકાના વેરા વિભાગને ચાલુ વર્ષના બજેટમાં વેરાની આવકમાં રૂા.૪૫૪ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. જેમાં આજ સુધી મનપાની આવક ૩૦૦ કરોડને પાર થઇ ચૂકી છે. છતા ૧૫૪ કરોડ ભેગા કરવા હવે વેરા વિભાગે કમર કસી બાકી દારો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા નોટીસની બજવણી શરૂ કરી છે. દર વર્ષની માફક આ વર્ષે પણ જાન્યુઆરી માસથી સીલીંગ તેમજ જપ્તી સહિતની કામગીરી શરૂ કરવામાં આવશે. જે માર્ચના અંત સુધી ચાલુ રહશે. કુલ ૧૧૧૭૧ આસામીઓને નોટીસ ફટકારઇ છે. જેમાં સૌથી વધુ કોમર્શિયલ મિલકતો હોવાનુ જાણવા મળેલ છે. તેમજ ૨૦ હજારથી વધુ મિલકતોમાં કોર્ટે કેસ અથવા ભાડા સંબંધીત કાર્યવાહી ચાલુ હોવાથી આ વર્ષે પણ આ પ્રકારની મિલકતોનો વેરો ગૂમાવવો પડે તેવુ લાગી રહ્યું છે.

# ગોંડલમાં મંજુરી વગર ધમધમતી નોનવેજની દુકાનો અને નંબર પ્લેટ વગરના વાહનો સામે પોલીસની કાર્યવાહી




ગોંડલ,

ગોંડલ શહેરના કડિયા લાઇનમાં છેલ્લા કેટલાક સમયથી નોનવેજની લારીઓ મંજૂરી વગર ધમધમી રહી હતી શહેરમાં જાણે પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેવી રીતે નંબર પ્લેટ વગરના વાહનો અને કાળા કાચ ની ગાડીઓ સબૂમી ગોપાલ કી માફક ફરી રહ્યા હતા દરમિયાન જિલ્લા પોલીસવડા એ ઉપરોક્ત બાબતે શહેર પોલીસને સુચના આપતા પોલીસ એક્શન મોડ પર આવી કાર્યવાહી હાથ ધરી હતી

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ એ ડિવિઝન પોલીસ દ્વારા લોકદરબાર બાદ એસ.પી. વિજયસિંહ ગુર્જરની સૂચનાથી પી.આઈ. ગોહિલ અને તેમની ટીમે શહેરના મધ્યમાં આવેલા ટાઉન હોલ પાસે, મહાત્મા ગાંધી રોડ, માંડવી ચોક અને સેન્ટર ચોકડી જેવા ધમધમતા વિસ્તારોમાં કડક કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં લાયસન્સ વગર ચાલતી નોનવેજની દુકાનોને તાત્કાલિક બંધ કરવાની સૂચના આપી દેવામાં આવી હતી. આ સાથે જ ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે માંડવી ચોક જેવા વિસ્તારોમાં નડતરરૂપ રેકડીઓ, રોડ પર રાખેલા બોર્ડ અને આડેધડ પાર્ક કરેલા વાહનોને દૂર કરાવી, તમામ વાહનચાલકોને પીળા પટ્ટાની અંદર જ શિસ્તબદ્ધ રીતે વાહન પાર્ક કરવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

ટ્રાફિકને નડતરરૂપ આવી જ કાર્યવાહી વછેરનો વાડો રોડ, જેલ ચોક, ચોરડી દરવાજો, પાંજરાપોળ, બસ સ્ટેન્ડ ચોક, ગુંદાળા રોડ સહિતના વિસ્તારમાં શહેર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માં ગોઠવા પામી છે.

# રાજકોટના શાપર-વેરાવળમાં ચોરાઉ બુલેટ-બાઇક સાથે પકડાયો



રાજકોટ,

રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારરમાં વાહનચોરી કરનારા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા ની સૂચનાથી ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ એ.એન.પરમાર સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે વાહનચોરી કરનારો શખ્સ રાજકોટમાં હોવાની હેડકોન્સ હરસુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, કિશનભાઇ પાંભર, અને કોન્સ મહાવિરસિંહ જાડેજાને બાતમી મળતા સ્ટાફ સાથે દરોડો પાડી શાપર-વેરાવળ, એસ.આઇ.ડી. સી. રોડ પર શાંતીધામ પ્રાથમિક શાળા પાસે રહેતો અક્ષય સનમુખભાઇ મહેતા (ઉ.વ.૧૯)ને ચોરાઉ બુલેટ અને બાઇક સાથે પકડી લીધો હતો.

આ કામગીરી પી.આઇ.એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. એમ.એન.પરમાર, એસ.વી.ચુડાસમા, એ.એસ. આઇ. વિજયભાઇ સોઢા, હેડકોન્સ કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ સબાડ, અર્જુનભાઇ ડવ, કિશનભાઇ પાંભર, કરણભાઇ કોઠીવાળ, અજીજભાઇ ડાંગર દ્વારા કરવામાં આવી હતી.

# ગોંડલમાંથી ગૂમ થયેલી બન્ને સગીરા ધોરાજી પાસે પ્રેમી સાથે મળી આવી : પરિવાર સાથે મિલન

ગોંડલ,

ગોંડલમાં બે દિવસ પહેલા ગુમ થયેલી બે સગીરાઓ તથા તેની સાથે રહેલા બે શખ્સોને ભગાડનારને વતનથી પોલીસે જડપી લઇ બન્ને સગીરાઓનું તેના પરિવાર સાથે મિલન કરાવ્યુન હતુ, જયાકરે સાથે રહેલા બે શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ધોરાજી શહેરની મધ્યરમાં આવેલી એક સ્કુલમાં ધોરણ નવમાં અભ્યાસ કરતી સગીર વયની બે સખીઓ તા.૨૦ નાં પરીક્ષા આપી સ્કુલે થી નિકળ્યા્ બાદ ભેદી સંજોગો માં ગુમ થતા તા.૨૧નાં ગુમસુદા ફરિયાદ એ-ડીવીઝન પોલીસ માં ફરિયાદ નોંધાઇ હતી.

બનાવ નાં પગલે પી ઓલ.આર.અ ગોહિલ, પીએસઆઇ પંડ્યાો તથા સ્ટાબફ દ્વારા ત્વમરિત તપાસ હાથ ધરી હ્યુમન સોર્સ નાં આધારે પગેરુ દબાવી ગત રાત્રે ધોરાજી નાં ભુખી ગામ નજીક થી બન્ને સગીરાઓ તથા તેને ભગાડી જનારા બે શખ્સોને જડપી લઇ પુછપરછ હાથ ધરી કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રો અનુસાર નાગડકા રોડ પર આવેલી શિવ શક્તિ સોસાયટીમાં રહેતા હાર્દિક જેન્તીભાઈ શેખવા ઉ. ૨૦ તથા પરેશ ઉર્ફ ડોન કાનજીભાઇ પરમાર ઉ.૨૦ છેલ્લા બે વર્ષ થી સગીરાઓ સાથે પરીચય માં હોય મૈત્રી બાદ પ્રેમ સંબંધ બંધાતા તા.૨૦ ની બપોરે બન્ને શખ્સો બન્ને સગીરા ને ભગાડી હાર્દિક નાં મુળ ગામ ભુખી પંહોચ્યા હતા.દરમિયાન ત્યાંથી બીજે કયાંય ભાગે તે પહેલા પગેરૂ દબાવતા પીઆઇ. એલ.આર.ગોહિલ અને તેની ટીમે દબોચી લીધા હતા.સગીરાઓને ભગાડનાર હાર્દિક નાગડકા રોડ પર પાન બીડીની કેબીન ચલાવતો હતો.જ્યોરે પરેશ માર્કેટયાર્ડ પાસે આવેલી હોટલમાં કામ કરતો હતો.રાત્રીનાં મોટેભાગે હોટલનાં ઓટલે સુઇ રહેતો હતો.તેના પિતા કાનજીભાઇ ડ્રાઇવિંગનું કામ કરે છે.પરેશ તેના પિતા નાં આગલા ઘરનું સંતાન છે. પોલીસે મેડીકલ ચેકઅપ સહીત કાર્યવાહી હાથ ધરી છે. ગુમ થયેલી સગીરાઓ ને એ-ડીવીઝન પોલીસે ગણતરીની કલાકોમાં શોધી લેતા તેનાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

# રાજકોટ સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજનો દિવ્ય શ્રૃંગાર



રાજકોટ,

રાજકોટના કાલાવડ રોડ પર બિરાજમાન શ્રી સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજનો આજનો શૃંગાર ભવ્ય તથા આકર્ષક રીતે કરવામાં આવ્યો છે. દાદાના મસ્તકે સુશોભિત સાફા સાથે કલગી ધારણ કરાવવામાં આવી છે. જે દાદાની વીરતા અને તેજસ્વિતાને ઉજાગર કરે છે. સુમેળ વસ્ત્રો, ગળામાં શોભતી માળાઓ અને અલંકારો સાથે સમગ્ર શૃંગાર અતિ મનોહર દેખાય છે. આજના દર્શનથી ભક્તોમાં ભક્તિભાવ, શાંતિ અને શક્તિનો અનુભવ થાય છે.

# જુનાગઢ ડિજીટલ એરેસ્ટના કેસમાં આરોપીને પાંચ વર્ષની સજા સાથે એક લાખનો દંડ

## સ્કાય-પે નામની એપ્લીકેશન મારફત ડિજીટલ એરેસ્ટ કરી ૨૬ લાખથી વધુ રકમ પડાવી હતી

જુનાગઢ,

જુનાગઢ જીલ્લાના ફરીયાદીને તેમના નામના પાર્સલમાં ડ્રગ્સ મળી આવેલ હોવાનુ જણાવી તપાસમાં સહયોગ આપવા અને કેસ માંથી બચાવ થશે તેમ જણાવી કુરીયર કસ્ટમ અધિકારી તથા મુંબઇ ક્રાઇમ બ્રાંચ ના અધિકારી તરીકે ખોટી ઓળખ આપી "સ્કાય પે " નામની એપ્લીકેશન મારફતે ફરીયાદીશ્રીને સતત એક દિવસ સુધી મોબાઇલમાં કેમેરા સામે ઓનલાઇન વિડીયો ચાલુ રાખી, ડિઝીટલ એરેસ્ટ કરી તેમની પાસેથી બળજબરી પુર્વક રૂ.૨૬,૧૫૦૦૦/- કઢાવી લેનાર આરોપીને પકડી પાડેલ જે કેસ જુનાગઢ કોર્ટ કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૫ વર્ષની સજા તથા રૂ.૧,૦૦,૦૦૦/- નો દંડ ફટકાર્યો હતો. આ કામે ફરીયાદીશ્રી મનન શશીકાંતભાઇ મહેતા રહે.જુનાગઢ વાળા સાથે ઉપર મુજબનો બનાવ બનેલ હોય જે આધારે અત્રેના સાયબર પો.સ્ટે.. સિનીયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી સી.વી.નાયક ના માર્ગદર્શન અને આગેવાની હેઠળ આગળની તપાસ સેકન્ડ પોલીસ ઈન્પેકટર સુ.શ્રી કે.જી. મોડનાઓને બેંક એકાઉન્? ટમાં જમા થયેલ તેના ધારક અજીબાર રહેમાન જાબેદઅલી ઉ.વ.૩૮ ધંધો.દવાનું માર્કેટીગ રહે.ગંધારીપરા પો.સ્ટ.સીમલાગીરી જીલ્લો.બારપેટ રાજ્ય-આસામ વાળાને ગઈ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ ધોરણસર અટક કરી બીજી એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ જુનાગઢની કસ્ટડીમાં મોકલી આપેલ

આ કેસ બીજા એડી.ચીફ જ્યુ..મેજી. કોર્ટમાં ચાલી જતાં એડી.ચીફ જ્યુડી.મેજી. જી.એસ.દરજીએ આરોપી અજીબાર રહેમાન જાબેદઅલી ઉ.વ.૩૮ ધંધો.દવાનું માર્કેટીગ રહે.ગંધારીપરા પો.સ્ટ.સીમલાગીરી જીલ્લો.બારપેટ રાજ્ય-આસામ વાળાને ઈ.પી.કો. તથા આઈ.ટી.એકટની અલગ અલગ કલમો હેઠળ કુલ પાંચ વર્ષની કેદ અને એક લાખ રૂપીયાનો દંડ કરેલ છે

# રાજકોટમાં શિવ રથયાત્રા સમિતિ દ્વારા સતત ૧૪માં વર્ષે મહાશિવરાત્રી નિમિતે શિવ રથયાત્રાનું આયોજન

રાજકોટ,

દશનામ ગોસ્વામી સમાજ, રાજકોટ પ્રેરિત શિવ રથયાત્રા સમિતિ દ્વારા સતત ૧૪માં વર્ષે મહાશિવરાત્રી નિમિતે ''સનાતન હિન્દુ ધર્મ શિવ રથયાત્રા''નું આયોજન કરાયું છે.કે સમગ્ર શહેરને શિવમય બનાવવા પૂરજોશથી તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. આ નિમિતે સમિતિના મુખ્ય કાર્યાલયનો ઉદ્દઘાટન સમારોહ કાલે તા. ૨૫ના રવિવારે સાંજે ૬ વાગ્યેન સુતા હનુમાનજી મંદિર સામે, વીર ભગતસિંહ કોમ્લેક્ષ, કોઠારીયા રોડ ખાતે સંતો મહંતો અને ગણમાન્ય નાગરિકોની ઉપસ્થિતિમાં યોજેલ છે.

આગામી ૧૫ ફેબ્રુઆરીના યોજાનાર આ વર્ષ ૨૦૨૬ની રથયાત્રામાં નેપાલ સ્થિત ભગવાન પશુપતિનાથ મહાદેવના મુખ્ય રથ સાથે ૧૨ જયોતિર્લીંગના ફલોટ જોડાશે. તેમજ ઘોડા-ઉંટ તથા ડી.જે. સાથે ભાવિકો હજારોની સંખ્યામાં જોડાશે.રથયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સનાતન હિન્દુ ધર્મના મુલ્યો., સંસ્કૃ તિ અને આસ્થાકનો પ્રચાર- પ્રસાર કરવાનો છે. યુવા પેઢી ધર્મ અને સંસ્કારોથી ઉજાગર બને તે માટે દર વર્ષે આ શિવ રથયાત્રા યોજવામાં આવે છે.શહેરનો માહોલ શિવભકિતમય બની રહે તે હેતુથી રથયાત્રા સમિતિ દ્વારા પૂર્વ દિવસોમાં શહેરના મુખ્ય ચોક અને રથયાત્રાના રૂટ ઉપર વિશાળ બાંબૂ સાથે કેસરીયા ઝંડા લગાવવામાં આવશે. ઉપરાંત રથયાત્રા દરમિયાન ભાવિકોને રૂદ્રાક્ષનો પારાનું વિતરણ કરવામાં આવશે.

કાલે કાર્યાલય ઉદ્દઘાટન સમારોહમાં પણ શિવભકતોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિન રહેવા અને વધુ માહિતી માટે કાર્યાલય મો. ૯૨૨૭૫૬૪૦૪૧ અને ૯૧૦૪૨૧૦૧૧૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

શિવ રથયાત્રા સમિતિના ધર્મેન્દ્રંગીરી રતુગીરી ગોસ્વામી, ગૌતમગીરી અમનગીરી ગોસ્વામી, હાર્દિકભાઇ જાવીયા, યુગગીરી કૈલાસગીરી ગોસ્વામી, અજયવન રમેશવન ગોસ્વામી, ભાવેશગીરી નટવરગીરી ગોસ્વામી, અમીતગીરી રાજેશગીરી ગોસ્વામી, હરેશભારથી હસમુખભારથી ગોસ્વામી, ગૌરવભારથી વિજયભારથી ગોસ્વાનમી જહેમત ઉઠાવી રહયા છે.

# રાજકોટના કાલાવડ રોડ પર આઇ.ડી. પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક પકડાયો

રાજકોટ,

રાજકોટના કાલાવડ રોડ પર આવેલા ટી-સ્ટોઙ પાસે પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી મોબાઇલ ફોનમાં આઇ.ડી. પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સેને પકડી લીધો હતો.


મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર આવેલા ટી-સ્ટો્લ પાસે એક શખ્સ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની પીસીબીના એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા તથા કોન્સ હિરેનભાઇ સોલંકીને બાતમી મળતા સ્ટાફ સાથે કાલાવડ રોડ પર ટી-સ્ટોલ પાસે દરોડો પાડી કાલાવડ રોડ પર આવેલા એક ટી-સ્ટોલ પાસે મોબાઇલ ફોનમાં આઇ.ડી. પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા રાહુલ અવસરભાઇ કાનાણી (રહે. પ્રિયદર્શની સોસાયટી મવડી) ને પકડી લઇ મોબાઇલ ફોન કબ્જે કરી આઇ.ડી. આપનારની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટ સોમનાથ સોસાયટી તુલસી બગીચામાં ઢળી પડતાં આધેડનું મોત

રાજકોટ,

રાજકોટ રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે સોમનાથ સોસાયટીમાં રહેતાં મનોજભાઇ કિશોરભાઇ ગોહેલ (ઉ.વ.૪૬) સવારે દસેક વાગ્યે ઘર નજીક તુલસી બગીચામાં બેઠા હતાં ત્યાયરે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મનોજભાઇ બે ભાઇ અને બે બહેનમાં બીજા અને અપરિણીત હતાં. યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.બીજા બનાવમાં રાજકોટના વાણીયાવાડી જલારામ ચોક-૯માં રહેતાં સમતાબેન વિરેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૫૫) ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાતા તેનુ મૃત્યુ થયું હતું. તેમને બ્રેઇન હેમરેજ થયું હોઇ દોઢેક વર્ષથી પથારીવશ હતાં. પતિને ભાગીદારીમાં કારખાનુ છે. બનાવ અંગે ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં ગાંધી નિર્વાણ દિને બાપુના આશીર્વાદ વિષય ઉપર વર્ષા દાસનું પ્રવચન



રાજકોટ,

પૂ.મહાત્મા ગાંધીજીની ૩૦મી જાન્યુઆરી -૨૦૨૬નાં રોજ ૭૮મી પુણ્યતિથિ નિમિતે ગાંધીજીના બાલ્યકાળનાં નિવાસસ્થ ન કબા ગાંધીના ડેલામાં પૂજ્ય મહાત્મા- ગાંધીજીને શ્રધ્ધાંજલી અર્પવા દર વર્ષે આ દિવસે વિદ્વાન વકતાનું પ્રવચન રાખવામાં આવતું હોય છે.

આ વખતે જાણીતા લેખિકા, અનુવાદક અને ભારતીય ભાષાના તજજ્ઞ તેમજ રાષ્ટ્રી ય ગાંધીજી સંગ્રહાલય, દિલ્હી ટ્રસ્ટી શ્રીમતી વર્ષા દાસ ''બાપુના આર્શીવાદ'' વિષય ઉપર મુખ્યભ પ્રવચન પોતાનું વકતવ્યા આપી શબ્દાંજલિ અર્પણ કરશે. સાથોસાથ 'કબા ગાંધીનો ડેલો' ખાતે તા.૧૦/૧૧/૨૦૨૫ના રોજ રાજકોટની વિવિધ શાળા-કોલેજોનાં વિદ્યાર્થીઓ માટે યોજાયેલ ''ગાંધી નિબંધ સ્પર્ધા'' માં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખેલ છે. આ પ્રાર્થના સભામાં પૂજ્ય બાપુને શ્રધ્ધાંજલિ અર્પવા રાજકોટની જનતાને ટ્રસ્ટના મંત્રી અલ્પાબેન ત્રિવેદીએ ભાવભર્યું આમંત્રણ આપ્યું છે.

# ઉપલેટા પાલિકા દ્વારા ૨૦ થી વધુ શેરી ફેરીયાઓને લોનની સહાય અપાઈ



ઉપલેટા,

ભારત સરકારના પીએમ સ્વનિધિ કલ્યાણકારી યોજના હેઠળ પંદર હજાર ૨૫ હજાર ૫૦ હજાર ની લોન નાના શેરી ફેરઆવો રેકડી ધારકો ને આસાનીથી લોન મળી જાય તે માટે ઉપલેટા નગરપાલિકા દ્વારા નગરપાલિકા કચેરી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આવા ૨૦ થી વધુ ફેરિયાઓને લોન કરાવી આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ન પણ પ્રમુખ વર્ષાબેન ગજેરા બાંધકામ ચેરમેન મનોજભાઈ નંદાણીયા લાઈટ કમિટીના ચેરમેન જગદીશભાઈ વિરમગામ ભાજપના આગેવાન ભુપતભાઈ ગજેરા ચીફ ઓફિસર નસીત સાહેબ ના વરદ હસ્તે લોન ના ચેક વિતરણ કરવામાં આવેલ અને આવા ધંધાર્થીઓને સફળતા માટે શુભેચ્છા આપવામાં આવી હતી

# રાજકોટ મારવાડી યુનિવર્સિટીમાં યંગ ઈનોવેટર્સ એક્સ્પો યોજાયો




રાજકોટ,

રાજકોટ મારવાડી યુનિવર્સિટી દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ડીએસટી), ભારત સરકારના સહકારથી યંગ ઈનોવેટર્સ એકસ્પો-૨૦૨૬ યોજાયો હતો.આ એક્સ્પોનો ઉદેશ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નવીનતમ વિચારધારા, સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણનો સંચાર થાય તેવો રહ્યો હતો.એક્સ્પો ૨૦૨૬ના પ્રથમ ઈનામ સાંકેત ગણાત્રા-રોહન પિનારા (સેન્ટપોલ્સ સ્કૂલ) દ્વિતિય ઈનામ ઉત્સવ પટેલ અને તુતીય ઈનામ વિશ્ર્વ જાલુ અને પરમ મહેતા (ધોળકીયા સ્કૂલ) વિજેતા થયા હતા. બેસ્ટ પ્રેઝેનેશન જેવી કેટેગરીમાં કુલ ૧૦ને ઈનામ અપાયા હતા. આઈપીકે મારફતે ટેકનોલોજીનો ઉપયોગ વિષયપર કરણપુરીનું વ્યાખ્યાન યોજાયુ હતું.

# કેટલાક લોકો ઠાકરેનું નામ ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેમની યોજનાઓ સફળ થશે નહીં; ઉદ્ધવ ઠાકરે

મુંબઇ,

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં હારનો સામનો કર્યાના થોડા દિવસો પછી, શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જો ભારતીય જનતા પાર્ટી વિચારે છે કે તે તેમની પાર્ટીનો નાશ કરી શકે છે, તો તે એક મોટી ભૂલ છે. તેમણે કહ્યું કે શિવસેના (યુબીટી) માત્ર એક રાજકીય પક્ષ નથી, પરંતુ એક વિચાર છે.

ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે તેમના પિતા અને શિવસેના (અવિભાજિત) ના સ્થાપક, સ્વર્ગસ્થ બાળ ઠાકરેની જન્મ શતાબ્દી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં પાર્ટી કાર્યકરોને સંબોધન કર્યું. કાર્યક્રમ દરમિયાન, તેમણે કહ્યું કે ઘણા લોકો ઠાકરેનું નામ ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તે ક્યારેય થશે નહીં.ઉદ્ધવ ઠાકરે સમક્ષ સ્ટેજ પર બોલતા, તેમના પિતરાઈ ભાઈ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ કહ્યું કે રાજ્યની રાજકીય પરિસ્થિતિ "ગુલામ બજાર" જેવી છે. કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ સહિત તાજેતરની નાગરિક ચૂંટણીઓ અંગે, તેમણે કહ્યું કે રાજ્યમાં "હરાજી" ચાલી રહી છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જો ભાજપ એવું વિચારે છે કે તે શિવસેના (ભારતીય જનતા પાર્ટી)ને ખતમ કરી શકે છે, તો તે ભૂલ કરે છે, એમ કહીને કે તે કોઈ પક્ષ નથી પરંતુ એક વિચારધારા છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે જો શિવસેના અસ્તિત્વમાં ન હોત, તો ભાજપ ક્યારેય મ્સ્ઝ અથવા રાજ્ય સરકારના મુખ્યાલય, મંત્રાલય સુધી પહોંચી શક્યો ન હોત.

તેમની ટિપ્પણીઓ ૧૫ જાન્યુઆરીએ યોજાયેલી બીએમસી ચૂંટણીઓ પછી આવી હતી. આ ચૂંટણીઓમાં, ભાજપે ૨૨૭ માંથી ૮૯ બેઠકો જીતી, એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના (૨૯ બેઠકો) સાથે જોડાણ કરીને, ભાજપે દેશના સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન પર ઠાકરે પરિવારના દાયકાઓથી ચાલતા નિયંત્રણનો અંત લાવ્યો. શિવસેના (યુબીટી) મનસે ગઠબંધને બીએમસી ચૂંટણીમાં અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, પરંતુ ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધનને બહુમતી મેળવતા અટકાવી શક્યું નહીં. શિવસેના (યુબીટી) એ ૬૫ બેઠકો જીતી, જ્યારે રાજ ઠાકરેની મનસેએ ૭ બેઠકો જીતી.તેમણે આરોપ લગાવ્યો કે પહેલીવાર મ્યુનિસિપલ ચૂંટણીઓમાં મોટા પાયે પૈસાની શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે બીએમસી પરિણામો પાર્ટીની અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નથી. આમ છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષ એક મજબૂત બળ તરીકે ઉભરી આવ્યો.ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે વિપક્ષને મતદાર યાદીમાં ખામીઓ જેવી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. તેમણે દાવો કર્યો હતો કે જો શિવસેના (યુબીટી) એ ડુપ્લિકેટ મતદારોની ઓળખ ન કરી હોત, તો પરિણામો વધુ અલગ હોત. તેમણે કહ્યું, "આપણે નવેસરથી શરૂઆત કરવી પડશે." ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે શિવસેના સત્તા માટે નહીં, પરંતુ મરાઠી લોકોના અધિકારો માટે લડવા માટે બનાવવામાં આવી હતી.

# પંજાબમાં રેલ્વે ટ્રેક પર વિસ્ફોટ, પ્રજાસત્તાક દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓ સતર્ક, ડ્રાઈવર ઘાયલ

## પંજાબના ફતેહગઢ સાહિબમાં એક વિસ્ફોટઃ માલગાડીના એન્જિનને નુકસાન, ડ્રાઇવરને ઇજા

ચંડીગઢ,

પ્રજાસત્તાક દિવસ પહેલા પંજાબના ફતેહગઢ સાહિબમાં એક વિસ્ફોટ થયો હોવાની જાણ થઈ છે. આ વિસ્ફોટ રેલ્વે લાઇન પર થયો છે, જે રેલ્વે લાઇનને ઉડાવી દેવાના કાવતરાનો ખુલાસો કરે છે. વિસ્ફોટથી માલગાડીના એન્જિનને નુકસાન થયું અને માલગાડીના ડ્રાઈવરને ઈજા પહોંચી. ખાનપુર નજીક રેલ્વે લાઇન પર વિસ્ફોટ થયો. સૂત્રોએ જણાવ્યું હતું કે સરહિંદ વિસ્તારમાં રેલ્વે લાઇન પર રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ સમયે એક માલગાડી ત્યાંથી પસાર થઈ રહી હતી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે માલગાડીનું એન્જિન ખાનપુર ગેટ પાસે પહોંચતા જ એક શક્તિશાળી વિસ્ફોટ થયો. વિસ્ફોટથી રેલવે ટ્રેકનો લગભગ ૧૨ ફૂટ ભાગ સંપૂર્ણપણે ઉડી ગયો હતો. આ વિસ્ફોટમાં માલગાડીના એન્જિન ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. પ્રજાસત્તાક દિવસ પહેલા થયેલા આ વિસ્ફોટથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો છે. વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે





અને સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. રોપર રેન્જના ડીઆઈજી નાનક સિંહે જણાવ્યું કે વિસ્ફોટ રાત્રે ૯:૫૦ વાગ્યે થયો હતો. ડ્રાઈવરને ગાલ પર ઈજા થઈ હતી. તેમણે સ્પષ્ટતા કરી કે તે કોઈ મોટો વિસ્ફોટ નહોતો, પરંતુ માત્ર એક નાનો વિસ્ફોટ હતો. તેમણે જણાવ્યું કે વિસ્ફોટથી માલગાડીના એન્જિન કે રેલવે ટ્રેકને કોઈ નુકસાન થયું નથી. પંજાબ પોલીસ વૈજ્ઞાનિક તપાસ કરી રહી છે. અમે તપાસ એજન્સીઓ સાથે પણ સંપર્કમાં છીએ. આ કેસ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે.

# અનિલ અંબાણીની કંપનીએ ઈડીના જપ્તી સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે, મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા અનિલ અંબાણી ગ્રુપની મિલકતો જપ્ત કરવા સામે બે કંપનીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓની સુનાવણી કરતી વખતે, પ્રશ્ન કર્યો કે આ અરજીઓ મુંબઈમાં કેમ દાખલ કરવામાં આવી નથી, કારણ કે કોર્ટ પાસે ત્યાં સુનાવણી કરવાનો અધિકારક્ષેત્ર ન હોઈ શકે. જસ્ટિસ પુરુષેન્દ્ર કુમાર કૌરે કહ્યું કે કંપની મુંબઈમાં આવેલી છે, અને તેથી, કાર્યવાહી ત્યાંથી શરૂ થવી જોઈએ. આપણે અહીં કેસ કેમ સાંભળવો જોઈએ? મામલો મુંબઈ કેમ ન



ખસેડવો જોઈએ?

રિલાયન્સ રિયલ્ટી અને કેમ્પિયન પ્રોપર્ટીઝ લિમિટેડ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ અગ્રવાલે આગ્રહ કર્યો કે દિલ્હી હાઈકોર્ટ અરજીઓ સાંભળી શકે છે અને તેમની પાસે કેસ છે. દરમિયાન, એડવોકેટ્સ ઝોહેબ હુસૈન અને વિવેક ગુરનાની ઈઢ વતી હાજર થયા અને જણાવ્યું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ એડજ્યુડિકેટિંગ ઓથોરિટી પહેલાથી જ આ મામલો સંભાળી રહી છે અને અરજદારોએ ઓથોરિટી સમક્ષ તેમની દલીલો રજૂ કરવી જોઈએ.

ટૂંકી સુનાવણી પછી, જસ્ટિસ કૌરવે અરજદારોને અરજીની જાળવણી પર ટૂંકી નોંધ દાખલ કરવા કહ્યું. દિલ્હી હાઈકોર્ટ ૩૦ જાન્યુઆરીએ આગામી સુનાવણી કરશે. અહેવાલો અનુસાર, ઈડીએ પીએમએલએની કલમ ૫(૧) હેઠળ રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપની વિવિધ સંસ્થાઓની હજારો કરોડથી વધુની મિલકતો કામચલાઉ રીતે જપ્ત કરી છે.

ઈડી અનિલ અંબાણીની કંપનીઓ પર બેંક લોનના કથિત દુરુપયોગ, જેમાં લોન એવરગ્રીનિંગ, સંબંધિત પક્ષોને ડાયવર્ઝન, શેલ એન્ટિટી દ્વારા રૂટિંગ અને ભંડોળનું ઉચાપત સહિતની તપાસ કરી રહી છે, જેના કારણે મોટી નોન-પર્ફોર્મિંગ એસેટ્સ અને બેંકો દ્વારા છેતરપિંડીની ઘોષણા કરવામાં આવી છે. ઈઢ એ દાવો કર્યો છે કે ૨૦૧૦-૧૨ થી, આરકોમ (રિલાયન્સ કોમ્યુનિકેશન્સ) અને તેની ગ્રુપ કંપનીઓએ ભારતીય બેંકો પાસેથી હજારો કરોડ રૂપિયા એકઠા કર્યા છે, જેમાંથી ૧૯,૬૯૪ કરોડ બાકી છે.

# પંજાબમાં વિદેશથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું નેટવર્ક, પોલીસના રડાર પર ૬૧ ગુંડાઓ

ચંડીગઢ,

પંજાબ પોલીસે તાજેતરમાં ગેંગસ્ટર વિરોધી ઓપરેશન શરૂ કર્યું હતું, અને ત્રણ દિવસના ખાસ ઓપરેશન, 'ઓપરેશન પ્રહાર' દ્વારા ઘણી મુખ્ય માહિતી બહાર આવી હતી. સૌથી મહત્વપૂર્ણ માહિતી એ હતી કે ૬૧ હાઇ-પ્રોફાઇલ ગેંગસ્ટરો વિદેશમાં રહેતા તેમના સહયોગીઓની મદદથી તેમના નેટવર્ક ચલાવી રહ્યા છે. મોટાભાગના ગેંગસ્ટરો યુનાઈટેડ સ્ટેટ્સમાં રહે છે. હવે, તેઓ પોલીસ રડાર પર છે.

આ ઓપરેશનનો હેતુ સંગઠિત ગુના સિન્ડિકેટ સાથે સંકળાયેલા શસ્ત્ર સપ્લાય ચેઇન, લોજિસ્ટિક્સ, સલામત આશ્રયસ્થાનો અને સંદેશાવ્યવહાર નેટવર્કને તોડી પાડવાનો હતો. રાજ્યભરમાં આશરે ૧૨,૦૦૦ પોલીસ કર્મચારીઓએ ૨,૦૦૦ થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ૬૧ વિદેશી ગેંગસ્ટરો દ્વારા સંચાલિત વિવિધ સંગઠનો સાથેના તેમના કથિત સંબંધો બદલ ૩,૨૫૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

પંજાબ પોલીસની એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી મોસ્ટ વોન્ટેડ યાદીમાં જણાવાયું છે કે સૌથી વધુ ગુંડાઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં છુપાયેલા છે, જેની સંખ્યા ૧૭ છે. આ યાદી અનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સ પછી, સૌથી વધુ ગુંડાઓ, નવ, સંયુક્ત આરબ અમીરાતથી કાર્યરત છે. આ પછી કેનેડામાંથી છ અને જર્મની અને યુનાઈટેડ કિંગડમમાંથી પાંચ-પાંચ ગુંડાઓ આવે છે.અન્ય પાંચ ગુંડાઓ અન્ય યુરોપિયન દેશોમાંથી રેકેટ ચલાવે છે, જેમાં ઓસ્ટ્રેલિયા અને પોર્ટુગલમાંથી ત્રણ-ત્રણ ગુંડાઓ છે. ઘણા ગુંડાઓ એશિયન દેશોમાંથી પણ તેમના ઓપરેશન ચલાવી રહ્યા છે. બે-બે ગુંડાઓ થાઈલેન્ડ અને મલેશિયામાં સિન્ડિકેટ ચલાવે છે, જ્યારે એક-એક ગુંડાએ ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, ઈટાલી અને બ્રાઝિલમાં આશરો લીધો છે, જ્યાં તેઓ ભારતમાં તેમની કામગીરી ચલાવે છે.

નોંધપાત્ર રીતે, આ ૬૧ નામોમાંથી, સૌથી વધુ સંખ્યા (૩૬) માઝા પ્રદેશના છે, જ્યારે બાકીના રાજ્યના અન્ય ભાગોના છે. આ મોસ્ટ વોન્ટેડમાંથી ચાર રાજસ્થાન સહિત અન્ય રાજ્યોના છે. નાંદેડનો રહેવાસી હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંડા પાકિસ્તાનના લાહોર નજીક ક્યાંક છુપાયેલો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.ગુપ્ત માહિતીના આધારે તૈયાર કરાયેલ છપ્સ્લ યાદીમાં એ પણ ખુલાસો થયો છે કે આ વ્યક્તિઓની ગેંગમાં પરિવારના સભ્યોનો પણ સમાવેશ થાય છે,

# જાપાનના સાકુરાજીમા જ્વાળામુખી ફાટી નીકળ્યો, હવામાં ૪ કિલોમીટર સુધી રાખ ફેલાઈ ગઈ

ટોકયો,

જાપાનના દક્ષિણપશ્ચિમ ક્યુશુમાં સાકુરાજીમા જ્વાળામુખી ૧૬ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે એક પ્રચંડ વિસ્ફોટ સાથે ફાટી નીકળ્યો, જેનાથી જ્વાળામુખીની રાખ અને ધુમાડાનો મોટો ગોળો ૪,૪૦૦ મીટર (આશરે ૧૪,૪૦૦ ફૂટ) ની ઊંચાઈ સુધી ફેલાયો. મિનામિડાકે ખાડાથી શરૂ થયેલા આ વિસ્ફોટથી દૂર દૂર સુધી મોટી માત્રામાં રાખ ફેલાઈ ગઈ, જેના કારણે કાગોશિમા, કુમામોટો અને મિયાઝાકી સહિત આસપાસના અનેક પ્રીફેક્ચર્સમાં રાખ પડવાની ચેતવણી આપવામાં આવી.સ્થાનિક સમય મુજબ રાત્રે આશરે ૧૨:૫૭ વાગ્યે જ્વાળામુખી ફાટવાની શરૂઆત થઈ, ત્યારબાદ બપોરે ૨:૨૮ વાગ્યે બીજો, વધુ શક્તિશાળી વિસ્ફોટ થયો, જેનાથી ૩,૭૦૦ મીટર ઉંચો ધુમાડો નીકળ્યો. લગભગ ૧૩ મહિનામાં આ પહેલી વાર હતું જયારે જ્વાળામુખીની રાખનો ગોળો ૪ કિલોમીટરથી વધુ ઉંચો પહોંચ્યો, જે તાજેતરની પ્રવૃત્તિની તુલનામાં એક શક્તિશાળી વિસ્ફોટ હતો. જ્વાળામુખીના ખડકો ખાડાથી ૧.૨ કિલોમીટર દૂર સુધી બહાર નીકળ્યા હતા, જે વિસ્ફોટોની તીવ્રતા દર્શાવે છે. વિસ્ફોટોની વિકરાળતા હોવા છતાં, જાનહાનિ અથવા પાયરોક્લાસ્ટિક પ્રવાહ, ગરમ ગેસ અને જ્વાળામુખી પદાર્થોના ખતરનાક રીતે ઝડપી પ્રવાહોના કોઈ અહેવાલ નથી.


જાપાન હવામાન એજન્સીએ પાંચમાંથી ત્રણનું ચેતવણી સ્તર જાળવી રાખ્યું છે, લોકોને ચાલુ જ્વાળામુખીની પ્રવૃત્તિ અને સંભવિત જોખમોને કારણે ખાડાની આસપાસના વિસ્તારોની નજીક ન જવા ચેતવણી આપી છે. તે વિસ્તારોને મર્યાદાથી દૂર જાહેર કરવામાં આવ્યા છે.સાકુરાજીમા જાપાનના સૌથી સક્રિય જ્વાળામુખીમાંનો એક છે અને વારંવાર વિવિધ તીવ્રતા સાથે ફાટી નીકળે છે. તાજેતરના વિસ્ફોટથી ઉદભવેલા રાખના વાદળોને કારણે કાગોશિમા એરપોર્ટ પર ઘણી ફ્લાઇટ્સ રદ કરવાની ફરજ પડી હતી. અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ રાખ પડવાથી સાવધ રહે, રક્ષણાત્મક પગલાં લે અને સત્તાવાર ચેનલો દ્વારા અપડેટ રહે કારણ કે સાકુરાજીમા સક્રિય રહે છે અને ભવિષ્યમાં વિસ્ફોટ માટે સંવેદનશીલ રહે છે.

# ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવાથી શાહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીર મુશ્કેલીમાં મુકાયા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલા "બોર્ડ ઓફ પીસ"ના ચાર્ટર પર હસ્તાક્ષર કરીને નોંધપાત્ર વિવાદ ઉભો કર્યો છે. શાહબાઝના આ પગલાથી પાકિસ્તાનમાં વ્યાપક હોબાળો મચી ગયો છે. પાકિસ્તાની વિપક્ષ તેમજ જનતા, શાહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીર ટ્રમ્પના ચાતુર્ય ગણાવીને જોરદાર વિરોધ નોંધાવી રહ્યા છે.

આ બોર્ડ મૂળ ગાઝામાં યુદ્ધવિરામ અને પુનર્નિર્માણની દેખરેખ માટે બનાવવામાં આવ્યું હતું, પરંતુ હવે તેનો વ્યાપ વૈશ્વિક સંઘર્ષોના ઉકેલ માટે વિસ્તૃત કરવામાં આવ્યો છે. ટ્રમ્પ પોતે બોર્ડના અધ્યક્ષ છે, અને પાકિસ્તાન, યુએઈ, હંગેરી, કોસોવો, પેરાગ્વે અને મોરોક્કો સહિત ૧૯ દેશોના નેતાઓ તેમાં જોડાયા છે. જો કે, આ પગલાથી પાકિસ્તાનમાં વ્યાપક રાજકીય, ધાર્મિક અને જાહેર વિરોધ થયો છે. ૨૨



જાન્યુઆરીએ દાવોસમાં હસ્તાક્ષર સમારોહમાં શાહબાઝ શરીફે ટ્રમ્પ સાથે હાથ મિલાવ્યા અને ફોટો પડાવ્યો. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આને ગાઝામાં કાયમી શાંતિ અને પેલેસ્ટિનિયનોને મદદ કરવા તરફનું પગલું ગણાવ્યું.પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શાહબાઝનું આ પગલું યુએન સુરક્ષા પરિષદના ઠરાવ ૨૮૦૩ હેઠળ ગાઝા શાંતિ યોજના માટે તેમના સમર્થનનો ભાગ હતું. શાહબાઝ સરકારના મંત્રી અહસાન ઈકબાલે સ્થાનિક વિરોધીઓને "અવિવેકી" ગણાવ્યા હતા, અને કહ્યું હતું કે બોર્ડમાં જોડાવાથી પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં વધારો થશે અને પેલેસ્ટિનિયનોને મોટા પાયે માનવતાવાદી સહાય પૂરી પાડશે. જોકે, પાકિસ્તાનમાં શાસક ગઠબંધનને આ નિર્ણયની આકરી ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે.

પાકિસ્તાનના વિરોધ પક્ષો, ઈસ્લામિક સંગઠનો અને ભૂતપૂર્વ સાંસદોએ શાહબાઝ અને મુનીરના નિર્ણયને "ઈસ્લામના સિદ્ધાંતો પર સમાધાન" અને "ટ્રમ્પની ખુશામત" ગણાવ્યો છે. જમિયત ઉલેમા-એ-ઈસ્લામના વડા મૌલાના ફઝલુર રહેમાને સંસદમાં જણાવ્યું હતું કે શાહબાઝ શરીફ અને આર્મી ચીફ જનરલ અસીમ મુનીર ટ્રમ્પની ખુશામત કરવામાં એટલા મગ્ન છે કે તેઓ ઈસ્લામના સિદ્ધાંતો ભૂલી ગયા છે. તેમણે કહ્યું, "પાકિસ્તાનના લોકો આને ક્યારેય માફ કરશે નહીં." ઈમરાન ખાનની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફએ પણ આકરો હુમલો કર્યો. પીટીઆઈ નેતા શહરયાર આફ્રિદીએ કહ્યું કે શાહબાઝ-મુનીર જોડીએ બોર્ડ પર સહી કરીને દેશની પ્રતિષ્ઠાને કલંકિત કરી છે. પીટીઆઈએ તેને "લોકોની લાગણીઓને અવગણવા" અને "દેશને ટ્રમ્પ પાસે ગીરવે મૂકવા" તરીકે વર્ણવ્યું. ભૂતપૂર્વ સેનેટર મુશ્તાક અહેમદ ખાને તેને "રાષ્ટ્રીય વિશ્વાસઘાત" ગણાવ્યો. પાકિસ્તાની મીડિયા અને સોશિયલ મીડિયામાં પણ આક્રોશ જોવા મળ્યો. પત્રકાર ઈમરાન રિયાઝ ખાને કહ્યું કે આ નિર્ણયને વાજબી ઠેરવનારાઓએ વિચારવું જોઈએ કે પાકિસ્તાનના લોકો હવે ઈસ્લામ વિશે કેવી રીતે વાત કરશે. ઘણા ઈસ્લામિક સંગઠનો કહે છે કે પાકિસ્તાન હંમેશા પેલેસ્ટિનિયનોની સાથે ઉભું રહ્યું છે અને હમાસને ટેકો આપ્યો છે, પરંતુ હવે શાહબાઝ શરીફે "પેલેસ્ટિનિયનોના હત્યારાઓ" સાથે સમાધાન કર્યું છે. કેટલાક લોકોએ આને "ઈઝરાયલ સાથે ઉભું" તરીકે જોયું, કારણ કે બોર્ડ ટ્રમ્પની ગાઝા યોજનાનો ભાગ છે, જે ૨૦૨૦ "શાંતિથી સમૃદ્ધિ" યોજના સાથે જોડાયેલ હોવાનું માનવામાં આવે છે - જેનો પાકિસ્તાને અગાઉ વિરોધ કર્યો હતો.

# જાપાનમાં તાત્કાલિક ચૂંટણીનો સામનો કરવો પડી રહ્યો છે, વડા પ્રધાન સના તાકાઈચીએ ગૃહ ભંગ કર્યું

## શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી માટે મજબૂત બહુમતી મેળવવા માટે તેમની ઉચ્ચ લોકપ્રિયતાનો ઉપયોગ કરવાનો

ટોક્યો,

જાપાનમાં મધ્યસત્ર ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવી છે. વડા પ્રધાન સના તાકાઈચીએ શુક્રવારે સંસદનું નીચલું ગૃહ (પ્રતિનિધિ ગૃહ) ભંગ કર્યું, જેનાથી ૮ ફેબ્રુઆરીએ આગામી મધ્યસત્ર સામાન્ય ચૂંટણીઓ માટે માર્ગ મોકળો થયો. વડા પ્રધાન બન્યાના માત્ર ત્રણ મહિના પછી આ પગલું લેવામાં આવ્યું છે, જ્યાં તેમનો ઉદ્દેશ્ય શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી માટે મજબૂત બહુમતી મેળવવા માટે તેમની ઉચ્ચ લોકપ્રિયતા (આશરે ૭૦% મંજૂરી રેટિંગ)નો ઉપયોગ કરવાનો છે.

તાકાચી ઓક્ટોબર ૨૦૨૫ માં જાપાનના પ્રથમ મહિલા વડા પ્રધાન બન્યા. તેઓ કટ્ટર રૂઢિચુસ્ત (હૉકીશ) નેતા છે, અને ભ્રષ્ટાચાર કૌભાંડો, ભંડોળ કૌભાંડો અને યુનિફિકેશન ચર્ચ સાથેના ભૂતકાળના સંબંધોને કારણે તાજેતરના વર્ષોમાં તેમના પક્ષને નોંધપાત્ર નુકસાન થયું છે. ૨૦૨૪ ની ચૂંટણીઓમાં,એલડીપી ગઠબંધનને નીચલા ગૃહમાં માત્ર પાતળી બહુમતી મળી હતી, જ્યારે ઉપલા ગૃહમાં તેની પાસે બહુમતીનો અભાવ છે. આ ચૂંટણી પહેલા એક નવું વિપક્ષી ગઠબંધન, સેન્ટ્રિસ્ટ રિફોર્મ એલાયન્સ, ઉભરી આવ્યું હતું, પરંતુ વિપક્ષ હજુ પણ ખંડિત છે.

તાકાચી એલડીપી-જાપાન ઈનોવેશન પાર્ટી ગઠબંધનને મજબૂત બનાવવા માટે તેમની વ્યક્તિગત લોકપ્રિયતાનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. મુખ્ય મુદ્દાઓ અને પડકારો ચૂંટણી પ્રચાર સત્તાવાર રીતે મંગળવારથી શરૂ થાય છે અને ફક્ત ૧૨ દિવસ ચાલશે.

આ પગલાથી ફુગાવા અને મંદી સામે ઝઝૂમી રહેલા અર્થતંત્રને ટેકો આપવા માટે મહત્વપૂર્ણ બજેટ પર સંસદીય મતદાન મુલતવી રહેશે, જેની વિપક્ષ દ્વારા ટીકા કરવામાં આવી છે. તાકાચી હાલમાં આગામી વડા પ્રધાન પદ માટે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે.

ચીન સાથે જાપાનનો તણાવ વધી રહ્યો છે. તાકાચીની તાઈવાન તરફી ટિપ્પણી બાદ બેઈજિંગે આર્થિક અને રાજદ્વારી બદલો વધુ તીવ્ર બનાવ્યો છે.

# પાકિસ્તાનમાં લગ્ન સમારંભમાં આત્મઘાતી હુમલો; વિસ્ફોટમાં ૫ નાચતા લોકોના મોત; ૧૦ ઘાયલ

## ડેરા ઇસ્માઇલ ખાન જિલ્લાના જિલ્લા પોલીસ અધિકારી સજ્જાદ અહમદ સાહિબઝાદાએ પુષ્ટિ આપી હતી

પેશાવર,

પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં શુક્રવારે રાત્રે લગ્ન સમારંભ દરમિયાન શાંતિ સમિતિના સભ્યના નિવાસસ્થાને આત્મઘાતી હુમલો થયો. હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા અને દસ ઘાયલ થયા. ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના જિલ્લા પોલીસ અધિકારી સજ્જાદ અહમદ સાહિબઝાદાએ પુષ્ટિ આપી હતી કે આ હુમલો એક આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ હતો જે કુરેશી મોરહ નજીક શાંતિ સમિતિના વડા નૂર આલમ મહેસુદના નિવાસસ્થાને લગ્ન સમારોહ દરમિયાન થયો હતો. હુમલા સમયે મહેમાનો નાચતા હોવાનું કહેવાય છે. વિસ્ફોટને કારણે રૂમની છત તૂટી પડી હતી, જેના કારણે બચાવ પ્રયાસોમાં અવરોધ ઉભો થયો હતો અને કાટમાળ નીચે ફસાયેલા લોકો સુધી પહોંચવામાં મુશ્કેલી પડી હતી. જિલ્લા મુખ્યાલયની હોસ્પિટલમાં કટોકટી જાહેર કરવામાં આવી છે.


એક નિવેદનમાં, ખૈબર પખ્તુનખ્વા રેસ્ક્યુ ૧૧૨૨ ના પ્રવક્તા બિલાલ અહમદ ફૈઝીએ જણાવ્યું હતું કે પાંચ મૃતદેહો અને ૧૦ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે માહિતી મળતાં જ સાત એમ્બ્યુલન્સ, એક ફાયર એન્જિન અને એક ડિઝાસ્ટર રિલીફ વાહન ઘટનાસ્થળે પહોંચી ગયું છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. અધિકારીઓએ વિસ્તારને ઘેરી લીધો છે અને ઘટનાની તપાસ શરૂ કરી છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, શાંતિ સમિતિના નેતા વાહિદુલ્લાહ મહેસુદ, જેને જીગરી મહેસુદ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મૃતકોમાં સામેલ હતા. ખૈબર પખ્તુનખ્વાના મુખ્ય પ્રધાન સોહેલ આફ્રિદીએ વિસ્ફોટની સખત નિંદા કરી અને કેપી પોલીસ મહાનિરીક્ષક પાસેથી રિપોર્ટ માંગ્યો. તેમણે જણાવ્યું હતું કે ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે.

આ મહિનાની શરૂઆતમાં, સશસ્ત્ર હુમલાખોરોએ ખૈબર પખ્તુનખ્વાના બન્નુ જિલ્લામાં શાંતિ સમિતિના ચાર સભ્યોની હત્યા કરી હતી. નવેમ્બર ૨૦૨૫ માં, ખૈબર પખ્તુનખ્વાના બન્નુ જિલ્લામાં શાંતિ સમિતિના કાર્યાલય પર થયેલા હુમલામાં સાત લોકો માર્યા ગયા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતકોમાં "ગુડ તાલિબાન"નો સમાવેશ થાય છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી





# ૭૭મું પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ
૨૬ જાન્યુઆરી, ૨૦૨૬
વાવ-થરાદ



## સુશાસનના સંકલ્પ સાથે... જનકલ્યાણના સેવા યજ્ઞ માટે... સમર્પિત અને સતત કાર્યશીલ સરકાર...

અમે, માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્ર મોદી**ના
**'વિકસિત ભારત' ના સ્વપ્નને** સાકાર કરી દેશની લોકશાહીને વધુ ઉન્નત બનાવવાનો સંકલ્પ કરીએ છીએ

**૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજ્ય મહોત્સવમાં**
માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રત**ના
વરદ્દહસ્તે

# ધ્વજવંદન સમારોહ

તારીખ: ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ યોજાયો
સ્થળ: હેલિપેડ ગ્રાઉન્ડ, નવી કોર્ટ સામે, મલુપુર, તા. થરાદ, જિ. વાવ-થરાદ

### પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા

- VGRC-કચ્છ-સૌરાષ્ટ્ર રીજનલ સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ
- રાજ્યના ૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડની સહાય અર્પણ
- થેલેસેમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલમૉડલ, ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ નાગરિકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા
- ભક્તિમય માહોલ સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નું ઐતિહાસિક આયોજન
- રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણીનું વિતરણ
- સાણંદમાં એન્ડ ટુ એન્ડ OSAT ફૅસિલિટીનો પ્રારંભ
- ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું
- ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ લૉન્ચ કરવામાં ગુજરાત અગ્રેસર

**આવો, આપણે સૌ સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું ગૌરવ લઈએ, બંધુત્વ અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ**

> "પ્રજાસત્તાક પર્વે, આવો આપણે સૌ સાથે મળીને લોકશાહીના મૂલ્યોને વધુ સુદૃઢ બનાવીએ.
> 'હર ઘર સ્વદેશી' ના મંત્રને જીવનમાં ઉતારીને 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ બનીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વોકલ ફોર લોકલ

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat